Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

## પુસ્તક ૨૭ મું.

जानामि क्षणभंगुरं जगदिदं जानामि तुच्छं सुखं ।
जानामींद्रियवर्गमेतमखिलं स्वार्थैकनिष्ठं सदा ॥
जानामि स्फुरिताचिरद्युतिचल विस्फूर्जितं संपदां ।
नो जानामि तथापि कः पुनरसौ मोहस्य हेतुर्मम ॥

"આ જગત્ બધું ક્ષણવિનાશી છે એમ જાણું છું, આ સાંસારીક સુખ માત્ર તુચ્છ છે એમ જાણું છું, આ સમસ્ત ઇંદ્રિયોનો સમૂહ સર્વદા એક સ્વાર્થનિષ્ટ છે એમ પણ જાણું છું, અને આ વિસ્ફૂર્જિત એવી સંપત્તિ સ્ફુરાયમાન છે અસ્થિરપણાની વૃત્તિ જેમાં એવી ચપળ છે એમ પણ જાણું છું; તથાપિ એ નથી જાણતો, કે એ પ્રમાણે જાણતાં છતાં પણ તેનાપર મને જે મોહ થાય છે તેનો હેતુ શો છે?"

સુક્તમુક્તાવલિ.

સંવત ૧૯૬૭ના ચૈત્રથી સંવત ૧૯૬૮ના ફાગણ સુધીના અંક ૧૨.

પ્રગટકર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વિક્રમસંવત ૧૯૬૭–૬૮ શાકે–૧૮૩૩ ઇશ્વીસન ૧૯૧૧–૧૨

વીરસંવત ૨૪૩૭–૩૮

भावनगर—आनंद प्रीन्टींग प्रेस.

વાર્ષિક મૂલ્ય રૂ ૧–૦–૦ બહાર ગામવાળાને પોસ્ટેજ સાથે રૂ ૧–૪–૦

દરવર્ષે ભેટ તરીકે જૈનપંચાંગ ને એક સારી બુક આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંદરના મુખપૃષ્ટપરના સંસ્કૃત પારિગ્રાફનો સાર.

સાધુધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છક ગૃહસ્થી સત્પુરૂષોએ અકલ્યાણ મિત્ર (પાપકાર્ય) નો ત્યાગ કરવો, કલ્યાણમિત્ર (પુણ્યકાર્ય) નું સેવન કરવું, ઉચિત સ્થિતિનું ઉલ્લંઘન ન કરવું, લોકમાર્ગ (વ્યવહાર) ની અપેક્ષા રાખવી, ગુરૂવર્ગને માનવો, તેમની આજ્ઞાનુસાર વર્તવું, દાનાદિક (દાન, શીલ, તપ, ભાવ) માં પ્રવૃત્તિ કરવી, ભગવંતની ઉદાર (શ્રેષ્ટ) પૂજા કરવી, ઉત્તમ સાધુનો સમાગમ કરનો, તેમની પાસે વિધિપૂર્વક ધર્મશાસ્ત્રનું શ્રવણ કરવું, તેની (શ્રવણ કરેલાની) મહા યત્નવડે ભાવના ભાવવી (વિચારણા કરવી), તેમાં કહેલું અનુષ્ઠાન વિધિપૂર્વક કરવું, ધૈર્યનું અવલંબન કરવું, આયતિ (ઉત્તરકાળ–પરિણામ) નો વિચાર કરવો, મૃત્યુ તરફ નજર રાખ્યા કરવી (તેને નિરંતર યાદ રાખવું), પરલોક સંબંધી કાર્યમાં મુખ્ય પ્રવૃત્તિ કરવી, ગુરૂજનની સેવા કરવી, યોગપટ્ટ (મુનિવ્યવહાર)નું દર્શન કરવું, તેના સ્વરૂપ વિગેરેનું મનમાં ધ્યાન કરવું, ધારણા ઉત્તમ ધારવી, ક્લેશયુક્ત માર્ગનો ત્યાગ કરવો, યોગ (મન વચન કાયાના) ને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરવો, જિનચૈત્ય અને જિનપ્રતિમાદિ કરાવવાં, ત્રિલોકેશ (જિનેશ્વર) ના વચનો (સિદ્ધાન્તો) લખાવવાં, મંગળજપ (નવકાર મંત્રનો જાપ) કરવો, ચાર શરણને અંગીકાર કરવાં, દુષ્કૃત્યોની ગર્હણા (નિંદા) કરવી, કુશળ (સારાં) કાર્યોની અનુમોદના કરવી, નવકારમંત્રના અધિષ્ટાયક દેવની પૂજા કરવી, સત્ચરિત્રોનું શ્રવણ કરવું, ઉદારવૃત્તિ રાખવી, ઉત્તમ પુરૂષોના દૃષ્ટાંતે (તે ચાલ્યા હોય તેવે માર્ગે) ચાલવું— આ પ્રમાણે કરવાથી સાધુધર્મ—ચારિત્રધર્મ મેળવવાને પાત્ર થઇ શકાય છે.

ઉપમિતિ ભવપ્રપંચા કથા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षिक अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠાંક |
|---|---|
| ૧ નવિન વર્ષની નુતન પ્રાર્થના. ( પદ્ય ) સાંકળચંદ કવિ. | |
| ૧ નવું વર્ષ. | |
| ૩ શાંતસુધારસ ભાવના. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૭–૩૪–૯૮–૧ |
| ૪ ગુણાનુરાગ. | |
| ૫ શીળ ધર્મ ( સનત્કુમાર ને શૃંગાર સુંદરી ) | ૧૮–૭૦–૧૨૧–૧૪૬–૧ |
| ૬ ગતવર્ષના મુખપૃષ્ઠપરના શ્લોકનું સવિસ્તર વિવેચન. ( ન્યાલચંદ લક્ષ્મીચં | ૨૪–૪૩–૧૦૮–૧ |
| ૭ ટુંકો ઉપદેશ. ( તેં તારા માટે શું કર્યું ? ) | |
| ૮ વીરચરિત્ર ઉપરથી ઉદ્ભવતું વીરત્વ. પદ્ય ( મોહનલાલ હીરાચંદ ) .... | |
| ૯ ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. | ૪૯–૨૦૧–૨૨૪–૨૭૨–૩૩૨–૩ |
| ૧૦ સાધુપદ અનુસરણ–ષષ્ઠ સૌજન્ય ( મૌક્તિક ) .... | ૫૮–૧૧૪–૧ |
| ૧૧ છતી વસ્તુની અપ્રાપ્તિના કારણો. .... .... .... | .... |
| ૧૨ આશાતના પરિત્યાગ .... .... .... .... | .... |
| ૧૩ ગીરનાર યાત્રા. .... .... ... .... .... | .... |
| ૧૪ મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી જયંતી. .... .... | .... |
| ૧૫ ટુંકો ઉપદેશ ( કયાં સુધી ઉંઘવું છે. ? ) .... .... | .... |
| ૧૬ પુસ્તકોની પહોંચ .... .... .... .... .... | .... |
| ૧૭ પ્રાચીન અર્વાચીન જૈન સંક્ષિપ્ત દિગ્દર્શન [ પદ્ય ] માવજી દામજી | .... |
| ૧૮ વર્તમાન સ્થિતિ અંગે થતો અસહ્ય ખેદ..... ... .... | ૧ |
| ૧૯ શ્રી શાંતિનાથ ચરિત્રની પ્રસ્તાવનાનું ભાષાંતર. .... ... | ૧ |
| ૨૦ ખરો પરમાર્થ. .... .... .... .... .... | ૧ |
| ૨૧ ભાઇ ઝવેરભાઈ ભાઇચંદનું ખેદકારક મૃત્યુ .... .... | ૧ |
| ૨૨ જ્ઞાન સાર સૂત્ર વિવરણ. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ).... .... | |
| તૃપ્તિ અષ્ટક [ ૧૦ ].... .... .... .... .... | ૧ |
| નિર્લેપ અષ્ટક [ ૧૧ ] .... .... .... .... | ૧ |
| નિસ્પૃહ અષ્ટક ( ૧૨ ) .... ... .... .... | ૨ |
| મૌનાષ્ટક [૧૩] .... .... .... .... | |
| વિદ્યા અષ્ટક ( ૧૪ ) .... .... .... .... | |
| ૨૩ સ્નાત્ર કરવાના કળશ ( સુધારવાની જરૂર ) .... .... | ૬ |
| ૨૪ હાલમાં થતા સ્વામીવચ્છળ [ જયણાની ઘણી જરૂર ] ... | ૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૬ મંત્ર શાસ્ત્ર ( હિંદી જાદુગર ઉપરથી ) .... .... .... ૨૧૨
૨૭ જૈન મુનિ અને આગેવાનો વિરૂદ્ધ શીવજી દેવશીએ માંડેલ ડેફેમેશન કેશ ૨૧૭–૨૫૧
૨૮ શ્રી ઋષભપંચાશિકા અનુવાદ ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) .... ૨૩૭
૨૯ હિતશિક્ષા– ( પદ્ય ) સરસ્વતિ માસિક ઉપરથી. .... .... ૨૪૨
૩૦ ત્યાગ અને દયા. ( પદ્ય ) સત્ય વિજય માસિક ઉપરથી. .... .... ૨૫૬
૩૧ હાલમાં ચાલતો દુષ્કાળ. ( શ્રીમંતોની ફરજ. ) .... .... .... ૨૫૭
૩૨ ગુર્જર ભાષાંતરિત કલ્યાણ મંદિર સ્તોત્ર ( પદ્ય–સમશ્લોકી. ) માવજી દામજી. ૨૫૯–૨૯૧–૩૨૩–૩૫૫
૩૩ પુજા પંચાશક. સંક્ષિપ્ત વ્યાખ્યા. ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) .... ૨૬૧
૩૪ ચાલતા જમાનાનો ચિતાર ( પદ્ય ) સાંકળચંદ કવિ. .... .... ૨૭૦
૩૫ શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ ( સહાય કરવાની ખાસ ફરજ ) .... ૨૮૧
૩૬ ગૃહસ્થનાં કર્તવ્યો. .... .... .... .... ૨૮૩–૩૦૪–૩૪૦
૩૭ ચંદન પૂજા સંબંધી સ્ફુટ વિવેચન. .... .... ... .... ૨૮૯
૩૮ જિન ચૈત્યવંદન વિધિ પંચાશક.સંક્ષિપ્ત વ્યાખ્યા.(સન્મિત્ર કર્પૂરવિજયજી) ૨૯૩
૩૯ ચંદન ચુડી..... .... .... .... .... .... ૩૦૨
૪૦ પ્રસ્તાવિક દોહરા. ( સાંકળચંદ કવિ. ) .... .... ... ૩૦૩
૪૧ યોગ રહસ્યાર્થ ( મૌક્તિક ) .... .... .... .... ૩૧૧
૪૨ પાંચ અભિગમ. .... .... .... .... .... ૩૧૭
૪૩ તીર્થ યાત્રા પ્રસંગ. .... .... .... .... ૩૧૯–૩૧૬
૪૪ શ્રી જૈન કોન્ફરન્સ. .... .... .... .... .... ૩૨૧
૪૫ શિવજી દેવશીનું માફીપત્ર. .... .... .... .... ૩૨૨
૪૬ ક્ષમારાધાનાર્થે ક્રોધ ત્યાગ—પ્રભુ પ્રાર્થના. પદ્ય ( ગીરધરલાલ હેમચંદ ) ૩૨૫
૪૭ અતિ હર્ષદાયક સમાચાર ( હિંદી ) .... .... .... .... ૩૪૬
૪૮ નામદાર શહેનશાહને જૈન કોમ્યુનીટીએ આપેલું માનપત્ર.ભાષાંતર સહિત.૩૪૮
૪૯ મુનિ સમૂહ પ્રત્યે વિજ્ઞપ્તિ. .... .... .... .... ૩૫૧
૫૦ શ્રાવકના ધાર્મિક ઉપકરણો. .... .... .... .... ૩૫૩
૫૧ ચેતનમાળીને શુદ્ધ ચેતનાની પ્રેરણા. પદ્ય–(ગીરધરલાલ હેમચંદ) .... ૩૫૭
૫૨ દેરાસરમાં વિજળિક રોશની. .... .... .... .... ૩૮૧
૫૩ પૂર્વ પુરૂષોના ઉચ્ચ આશયનો નમુનો. .... .... .... ૩૮૩
૫૪ સુરતમાં થયેલા ઇનામના મેલાવડાનો હેવાલ .... .... .... ૩૮૫
૫૫ નવાણુ યાત્રાના અનુભવની બુકમાં સુધારો .... .... .... ૩૮૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः , सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः , अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः , भवितव्यमेतत्तन्त्रैः , प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः , श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः , अवलोकनीयो मृत्युः , भवितव्यं परलोकप्रधानैः , सेवितव्यो गुरुजनः , कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः , प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः , प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः , श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन. ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठान भाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. ચૈત્ર. સંવત ૧૯૬૭. શાકે ૧૮૩૩ અંક ૧ લો.

## નવિન વર્ષની નુતન પ્રાર્થના.

### હરિગીત છંદ.

આ નવિન વર્ષે અમિત હર્ષે સ્તુતિ જિનપતિની કરૂં,
પ્રભુ આપ સન્મતિ કાપ દુર્મતિ જાપ છાપ હૃદે ધરૂં;
જિન નામ સારે કામ પાપ અમાપ તાપ ત્રિવિધ હરે,
**શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિક પ્રાર્થના પ્રભુની કરે. ૧

માગું પ્રભુ હું એટલું મતિ અતિ નિર્મળ આપજો,
વૈરાગ્ય ભક્તિ નીતિ રીતિ હૃદય પૃષ્ઠે સ્થાપજો;
મમ લેખથી આનંદ પ્રકટે આત્મ સ્થિરતામાં ઠરે,
**શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિક પ્રાર્થના પ્રભુની કરે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આભાસ તત્ત્વાતત્ત્વનો થઇ શુદ્ધ અનુભવ સંપજે,
પાઠક સ્વભાવ વિષે રમી વિકથા અને નિંદા તજે;
પુરૂષાર્થ સાધી સ્વર્ગને અપવર્ગ વાટે સંગ્રહે,
**શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિક પ્રાર્થના પ્રભુની કરે. ૩

પરદ્રોહને અપવાદના હું બોલ નહીં બોલું કદા,
લખું સરલ શૈલી માન મેલી ગાઉં ગુણ ગુણીના સદા;
વળિ શાંતિ સ્થાપું સંઘમાં કદી ભેદ નહિ પાડું ખરે,
**શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિક પ્રાર્થના પ્રભુની કરે. ૪

વિકરાળ પંચમ કાળમાં મત ભેદ શાસનમાં પડ્યા,
સાધર્મિમાં કજીયા કુસંપો ધર્મના બ્હાને નડ્યા;
મધ્યસ્થ રહી બારીક સમે સેવા બજાવું અવસરે,
**શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિક પ્રાર્થના પ્રભુની કરે. ૫

શાસનપતિ શ્રી વીરનો સદ્ધર્મ અંગે વ્યાપજો,
મમ લેખકોના હૃદય પટપર છાપ ધાર્મિક છાપજો;
આ છંદ **સાકળચંદ** પાઠક હસ્તકમળ વિષે ધરે;
**શ્રી જૈન ધર્મ પ્રકાશ માસિક પ્રાર્થના પ્રભુની કરે.** ૬

# नवुं वर्ष.

પરમ કૃપાળુ પરમાત્માને શુદ્ધ અંતઃકરણ પૂર્વક ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરીને આજે હું ૨૭ મા વર્ષમાં પ્રવેશ કરૂં છું. આજે મારી જન્મગ્રંથી છે. શાલિવાહન કૃત શકની પણ વર્ષ ગ્રંથી છે. વર્ષના પ્રારંભનો—બેસતા વર્ષનો દિવસ સર્વત્ર સર્વ કોમમાં મંગળિકકારી લેખાય છે તે સાથે આનંદોત્પાદક હોય છે. મને પણ આજે તેજ હેતુથી આનંદ થાય છે. પરમાત્માની પરિપૂર્ણ કૃપા તેજ મારી આયુષ્યવૃદ્ધિનું નિમિત્ત છે. મારા ઉત્પાદકો શુદ્ધ બુદ્ધિથી માત્ર જૈનકોમમાં શુદ્ધ ધર્મવાસના ફેલાય, તેટલા માટે પ્રાયે ઉપદેશક વિષયોજ દાખલ કરી મારા અંગને શોભાવે છે. ઉત્પાદકોની પ્રેરણાથી મારા અંગીભુત વિષયોના લેખક પણ તેવાજ મળી આવે છે. ગત વર્ષમાં મેં નાના મોટા ગદ્યપદ્યાત્મક મળી (૪૧) વિષયોવડે મારૂં અંગ શોભાવ્યું છે. જેણે મારા વાંચકવર્ગને પૂર્ણ સંતોષ આપ્યો છે તેવું તેમની લેખિની બતાવી આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગત વર્ષમાં આપેલા ૪૧ લેખો પૈકી ૧૩ તો પદ્યાત્મક છે. તેમાં પ્રથમના બે જૈન ગાયક ગીરધર હેમચંદ જેઓ વિશુદ્ધ શ્રાવકની પંક્તિમાં મુકવા યોગ્ય છે તેમના છે. પાંચ પદો અમદાવાદી પ્રસિદ્ધ જૈન કવિ સાંકળચંદના છે, ૪ મોહનલાલ દલીચંદ દેશાઈના છે, તેમાં બે વિવેચન યુક્ત છે. અને એક મી. સાંગાણીનો છે, તો પણ વિવેચન યુક્ત છે. આ વિવેચનો ખાસ વાંચવા લાયક છે. એવાજ વિવેચન વાળો ચિદાનંદજી કૃત સવૈયાઓનો પૂજ્ય મુનિશ્રી કર્પૂરવિજયજીનો લેખ છે, પણ તેમાં વિવેચન વિશેષ હોવાથી તેને ગદ્યની પંક્તિમાં મુકેલો છે. ૨૮ ગદ્ય લેખો પૈકી ત્રણ તો વર્તમાન હકીકતને લગતા ને ટુંકા છે. બાકીના ૨૫ માં ૫ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજના, ૩ મૌક્તિકના, ૨ પ્રાણુલાલ મંગળજીના, ૧ મી. ન્યાલચંદ સોનીનો, ૧ દેવીપ્રસાદનો ને બાકીના ૧૩ તંત્રીના પોતાના લખેલા છે. ગત વર્ષમાં અપૂર્ણ રહેલા માયા–દંભત્યાગ અને શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતો સાર એ બે વિષય આ વર્ષમાં પૂરા કરવામાં આવ્યા છે. તેમ બે ( પ્રશમરતિ વિવરણ ને ગુણાનુરાગ કુલકનું વિવરણ ) આ વર્ષમાં અધૂરા રહેલા છે. તેમાંથી એક તો આ અંકમાંજ પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીનો એક લંબાણ ચાલનારો છે. ગત વર્ષનો અપૂર્ણ ને આ વર્ષમાં પૂર્ણ કરેલ શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતા સારનો વિષય લાંબી મુદતે અને ઘણા પ્રકરણો પડીને પૂર્ણ થયો છે. એ વિષય વાંચનારા બંધુઓને વધારે પસંદ પડવાથી તે જુદો છપાવવા માગણીઓ થાય છે, પરંતુ અન્ય વ્યવસાયના અને ખર્ચના કારણથી હાલ તે વાત મુલ્તવી રાખવામાં આવેલ છે.

સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજીના લેખ સંખ્યામાં તો જોકે પાંચ છે પણ પેટા વિભાગ જુદા ગણતાં ૭ છે, અને તેપણ ઘણા લંબાણ હોવાથી ૧૫ વિભાગે પૂર્ણ થયેલા છે. એ પાંચે વિષયો અમૃતમય ઉપદેશની ગરજ સારે તેવા છે. ઇંદ્રિય પરાજય, ત્યાગ અને ક્રિયા આ નામના ત્રણ અષ્ટકો શ્રીમદ્યશોવિજયજી મહારાજની કૃતિવાળા હોવાથી તેના વિવેચનમાં તેમના અંતઃકરણનો શાંત પ્રવાહજ વહેલો છે. સીમંધર પ્રભુની પ્રાર્થનારૂપ સવાસો ગાથાના સ્તવનનો સારાંશ પણ એજ મૂળકર્તાનો છે. બે વિષય ચિદાનંદજી ( કર્પુરવિજયજી ) મહારાજની પ્રસાદીના છે. તેમાં પ્રશ્નોત્તર રત્નમાળા તો ૭ અંકે પુર્ણ થયેલ છે અને સવૈયા તો એક અંકમાંજ આવ્યા છે. આ સવૈયાઓ કંઠે કરવા લાયક છે. પાંચમો વિષ પાંચસો ગ્રંથોના કર્તા શ્રી ઉમાસ્વાતિ મહારાજની પ્રસાદીરૂપ પ્રશમરતિના વિવરણનો છે. આ ગ્રંથ લંબાણ હોવાથી આ વિષય પણ લંબાણ ચાલવાનો સંભવ છે.

મૌક્તિકના ત્રણ વિષયો પૈકી પહેલો માયા–દંભ ત્યાગ તો ગતવર્ષમાં અપૂર્ણ રહેલો પૂર્ણ કરવામાં આવ્યો છે, આત્મિક પ્રભાતનો વિષય લક્ષપૂર્વક વાંચવા યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખાસ આકર્ષક છે. સત્યનો વિષય સત્યની ચાહનાવાળાને, સત્યની પ્રીતિવાળાને, સત્યના આગ્રહવાળાને પૂરેપૂરો વાંચવા યોગ્ય છે. એ આખો વિષય વાંચ્યા છતાં અસત્ય પર અભાવ ન આવે તો જાણવું કે તેણે એ વિષય વાંચ્યોજ નથી. આ વિષય પૂર્ણ થયા છતાં છેવટે ભૂલથી 'અપૂર્ણ' એમ લખાઈ ગયેલ છે તે કાઢી નાંખવા યોગ્ય છે.

પ્રાણુલાલના બંને વિષય શ્રાવકભાઈઓએ ખાસ વાંચીને ધ્યાનમાં લેવા લાયક છે; તે આધુનિક પ્રવૃત્તિને અંગેજ લખાયેલા છે. મી. ન્યાલચંદ વરસોડા સ્ટેટમાં કામદાર છે, છતાં અવકાશ મેળવીને લેખ લખવા ઇચ્છા ધરાવે છે તે પ્રશંસનીય છે. તેમનો બ્રહ્મચર્યનો લેખ ઘણો લંબાણ છે, અને તે બરાબર વંચાય તો અબ્રહ્મચારીને પણ પાછા ઓસરાવે તેવો છે. તે સાથે શુદ્ધ માણસ તો ફરીને અબ્રહ્મચર્ય તરફ જવા પ્રવૃતિ કરેજ નહીં એવો અસરકારક છે. દેવીપ્રસાદે લખેલ હિંદી લેખ વર્તમાન સમયમાં ખાસ ઉપયોગી છે; એમની સૂચના અનુસાર ચોતરફથી જો પ્રયત્ન કરવામાં આવે તો નવા શહેનશાહના રાજ્યાભિષેક સમયપર અવશ્ય તે ઉપર ધ્યાન અપાય. આ સૂચના દરેક દયાળુ બંધુએ ઉપાડી લેવા યોગ્ય છે. તેઓ જાતે પણ એ સંબંધમાં પ્રયત્ન કરી રહ્યા છે.

તંત્રીના લખેલા ૧૩ વિષયોમાં ૩–૪ તો લઘુ લેખ છે. બાકીના ૯ લેખો ખાસ ધ્યાન ખેંચવા લાયક છે. પ્રથમ ને પ્રાંતે આવેલા બંને કથાવાળા લેખ તેના રહસ્ય સહિત લખેલા છે. આ શૈલી હાલમાં વધારે પસંદ પડતી છે, ભાવધર્મ ઉપરની કથાનું રહસ્ય ખાસ મનન કરવા યોગ્ય છે. અંદરના ટાઇટલપર લખવામાં આવતા ઉપમિતિભવપ્રપંચા કથા માંહેના પારિભાષિક ઉપરથી ખેંચેલું રહસ્ય ધ્યાન આપવા લાયક છે. નવાણુ યાત્રાના અનુભવનો લેખ કાયમને માટે ઉપયોગી હોવાથી જુદો પણ છપાવવામાં આવ્યો છે. ગુણાનુરાગનો લેખ તો ગુણના ઇચ્છકોને ખાસ ઉપયોગી છે. તેમને ગુણ મેળવવાનો માર્ગ બતાવનારો છે. ઉપદેશમાળાના કર્ત્તા સંબંધી તંત્રીને થયેલો નિર્ણય એક વિષયદ્વારા પ્રસિદ્ધિમાં મૂક્યો છે, પરંતુ હજી એની પુષ્ટિમાં ઘણું લખાવાની આવશ્યકતા છે; પણ એ કામ બહુશ્રુત મુનિ મહારાજાનું છે. આ શિવાયના બીજા તંત્રીના લેખો માટે વધારે સ્પષ્ટિકરણની અપેક્ષા નથી. તે વિષયોજ સ્પષ્ટિકરણ કરે તેવા છે.

આ પ્રમાણેના લેખોથી ગતવર્ષ પૂર્ણ કરવામાં આવ્યું છે. હવે શરૂ થયેલા ૨૭ મા વર્ષમાં મારા ઉત્પાદકો તરફથી શું શું પ્રસાદી ચખાડવાની ઇચ્છા ધરાવવામાં આવી છે, તે મારી મારફતજ બતાવવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસ્તુત વર્ષમાં પરમ અમૃતરસ ( શાંત સુધારસ ) નું પાન સન્મિત્ર મુનિરાજના લેખદ્વારા કરાવવામાં આવશે. તેમજ શ્રામણ્યના સારભૂત ઉપશમ ( પ્રશમ ) તેમાં રતિ ( આનંદ ) ઉત્પન્ન કરનારો લેખ આગળ લંબાવવામાં આવશે. જીંદગી પર્યંત મેળવેલા જ્ઞાનનો અથવા જિનેશ્વર પ્રણિત સર્વ શ્રુતજ્ઞાન (શાસ્ત્રો)ના સારભૂત ( જ્ઞાનસાર ) વિષય આગળ ચલાવી બીજા અંકે પણ તેજ મહાત્માની લેખિની દ્વારા આપવામાં આવશે.કથા વાંચવાના રસવાળા બંધુઓનો તે રસ પણ અનુપમેય કથા દ્વારા પૂર્ણ કરવામાટે દરેક અંકમાં એક વિષય નો તેને લગતો લેવામાં આવશે. મુખપૃષ્ઠપર મુકવામાં આવતા શ્લોકોનું રહસ્ય સમજાવવા માટે વિદ્વાન લેખકોના લેખો પ્રગટ કરવામાં આવશે. સજ્જનતા મેળવવાના અભિલાષીઓ માટે સૌજન્યના વિષયો આગળ ચલાવવામાં આવશે. લોકપ્રકાશ તેમજ વિશેષાવશ્યક જેવા મહાન ગ્રંથોમાંથી અમુક અમુક સર્વ સમજી શકે તેવા ટુંકા ટુંકા ઉપદેશક તેમજ બોધક વિષયો આપવામાં આવશે. શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતો સાર પ્રદર્શિત કરવામાં આવ્યો છે તે લાઇનિપર અન્ય રાસોના રહસ્ય સમજાવવાના પ્રયત્નો કરવામાં આવશે. બીજા પણ કેટલાક શાસ્ત્રિય-ગ્રંથાધારવાળા-તે ઉપરથીજ ઉપજાવી કાઢેલા લેખો આપવામાં આવશે. પદ્યો પણ અનુભવી અને કુદરતી તેવી શક્તિ ધરાવનારાઓ પાસે લખાવીને દાખલ કરવામાં આવશે. પ્રાસંગિક અત્યુપયોગી નોંધ કરી રાખવા લાયક વર્તમાન સમાચાર પણ નિવેદન કરવામાં આવશે. ઇત્યાદિ ઇત્યાદિ વસ્ત્રાભૂષણોથી મારા આ માસિકરૂપ શરીરને અલંકૃત કરવામાં આવશે. દેહના વિભાગ તરીકે પણ તેજ ગણી શકાશે. બનતા પ્રયત્નવંત મારા ઉત્પાદકો મારા શરીરને શોભાવી તેનો લાભ અન્ય જૈનબંધુઓને આપશે.

આ વર્ષ સત્તાવીશમું શરૂ થતું હોવાથી ને અંક તરફ દૃષ્ટિ જતાં સત્તાવીશ ગુણ સંયુક્ત મુનિ મહારાજ તરફ મારી દૃષ્ટિ સંક્રમે છે. એઓ સર્વજ્ઞપ્રણિત માર્ગે ચાલનારા હોવાથી અને સર્વજ્ઞના મોટા પુત્રને સ્થાને રહેલા હોવાથી હું તેમને ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરૂં છું, તે સાથે વિજ્ઞપ્તિ કરવાની રજા લઉં છું કે, હાલમાં દેખાતી પરસ્પરના મતભેદની પ્રવૃત્તિ, એક બીજાના વિચારોની અવમાનના, લોક દૃષ્ટિએ જણાતો ઇર્ષ્યાભાવ અને તેને અંગે ભક્ત કહેવાતા શ્રાવક ભાઇઓના દૃઢ કર્મબંધન કરાવનારા ઉત્કટ લેખો, તેની કરવામાં આવતી ઉપેક્ષા-આ બધું અલ્પ મતિ જૈન ભાઇઓને ઘણી હાનિ પહોંચાડનારૂં છે, તેમની શ્રદ્ધાનો નાશ કરનારૂં છે અને સાહૃદય જનોના અંતઃકરણમાં ખેદ ઉત્પન્ન કરનારૂં છે. કોઇ પણ પ્રકારે આનો અંત આવવાની જરૂર છે. જૈન શાસનના અંગીભૂત ગણાતા મુનિ મહારાજાઓને ઉપેક્ષા કરવા લાયક નથી. અલ્પમતિ લેખકોએ આ હકીકતને એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપમાં મૂકી દીધી છે કે જેથી અત્યારે જૈન શાસનની જે અવહેલના થતી હોય તો તેના કારણભૂત તેઓ થતા હોય તેમ દેખાય છે. કાળ વિષમ હોવાથી ક્યારે આવા વિદ્રોહનો અંત આવશે એ કહી શકાતું નથી; પરંતુ કોઇ પણ પ્રકારે પોતામાં હોવા જોઈતા સત્તાવીશ ગુણો તરફ દૃષ્ટિ કરીને-તે તે ગુણોને સંભારીને પોતાના સ્વરૂપમાં સ્થિત થવાની આવશ્યકતા છેઃ મારા ઉત્પાદકોની એટલી શુદ્ધ અંતઃકરણની વિનંતિ છે. કાર્યના પ્રથક્કરણ તરફ જવાનું આપ મહાશયોનું કામ છે. અલ્પમતિ જીવો તેમ કરવા જતાં ઉલટા ફસાઈ પડે છે એમ પ્રત્યક્ષ દેખાય છે; તેથી ખરી જરૂર પોતાનેજ સુધરવાની-પોતાનો વર્ગ ( શ્રાવક ) સુધારવા માટે બનતો પ્રયાસ કરવાની સ્વીકારી, માત્ર કિંચિત્ આ પણ ફરજ છે એમ સમજી, આટલી પ્રાર્થના પ્રસંગોપાત્ કરવામાં આવી છે. તેનો નિર્મળ સાર ગ્રહણ કરી શાસન હિત તરફ એક સરખી રીતે મુનિ મહારાજાઓ જેઓ આત્મહિતના ઇચ્છક છે, ભવભીરૂ છે, અન્ય આત્માઓનું અહિત નહીં થવા દેનારા છે, તેઓ દૃષ્ટિ કરશે તો અવશ્ય અનેક જીવોનું અહિત થતું અટકશે, અને સર્વજ્ઞ પ્રણિત શુદ્ધ માર્ગે ગમન કરવા પોતપોતાની શક્તિ ને હદના પ્રમાણમાં સર્વે પ્રયત્ન કરશે એવો ભરૂંસો છે.

મારો જન્મમાસ ગુણને ગુણીના સંગ્રહરૂપ નવપદજી મહારાજની ભક્તિ કરાવનારો-તપ સંયમમાં જોડી દેનારો-અનેક ભવ્ય પ્રાણીઓના આત્મહિતમાં વૃદ્ધિ કરનારો હોવાથી મને વિશેષ આલ્હાદ થાય છે. એવા હર્ષની વચ્ચેજ હું મારી ફરજ બજાવવા આગળ વધું છું.તે સાથે પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે ફરીને પ્રાર્થના કરૂં છું કે-આપ મારા ઉત્પાદકોને શુદ્ધ માર્ગે ચાલવાને પ્રેરશો, તેમના અંતઃકરણ નિર્મળ રખાવી પોતાની ફરજ બજાવવા તત્પર રાખશો અને તેનો લાભ લેનારા વાંચક વર્ગ મારા અંગીભૂત લેખોને માત્ર વાંચી ન જતાં તેનું મનન કરી તદનુસાર વર્તન કરવા તત્પર થાય તેમ કરશો. આપના દયાળુપણાની મહત્તા મારા સમજવામાં આવેલી હોવાથી આ પ્રાર્થના સફળ થવાની ખાત્રી માની, આપનો જય બોલી, હું મારા કાર્યને સિદ્ધ કરવા પ્રયત્નવાન થાઉં છું. ઇત્યલં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

महोपाध्याय श्रीमान् विनयविजयजी विरचित

# शान्तसुधारस भावना.

## प्रस्तावना.

**भावना भवनाशिनी.** શાસ્ત્ર પ્રસિદ્ધ દ્વાદશ અનુપ્રેક્ષા (ભાવના) તેમજ મૈત્રી પ્રમુખ ચાર ભાવના અને દરેક મહાવ્રતની પાંચ પાંચ મળીને પચીસ ભાવના અથવા એ ભાવનામય જ્ઞાન આત્માને અત્યંત હિતકારી છે; તેવું જ્ઞાન યશોવિજયજી મહારાજ કહે છે તેમ, સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું અમૃત એટલે અભિનવ અમૃત છે, ઔષધ વિનાનું રસાયન છે, અને કોઈની અપેક્ષા નહિ રાખનારૂં અદ્વિતીય ઐશ્વર્ય છે. એમ શાસ્ત્રકાર (પંડિત પુરૂષો) નો અભિપ્રાય છે.

શાસ્ત્રોક્ત—દ્વાદશ ભાવનાનું અતિ સંક્ષિપ્ત પણ ગંભીર અર્થગર્ભિત શબ્દો વડે પ્રશમરતિકારે (વાચક મુખ્ય શ્રીઉમાસ્વાતિજીએ) આ પ્રમાણે નિરૂપણ કરેલું છે.

૧ 'અનિત્ય' ઇષ્ટ જન સંયોગ, સમૃદ્ધિયુક્ત વિષયસુખ સંપદા, તથા આરોગ્ય, દેહ, યૌવન અને જીવિત એ સર્વે અનિત્ય છે. (ગાથા ૧૫૧)

૨ 'અશરણ' જન્મ જરા અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રીજિનેશ્વર ભગવાનના વચન થકી અન્યત્ર ક્યાંય શરણ નથી. (૧૫૨)

૩ 'એકત્વ' સંસારચક્રમાં ફરતાં એકલાને જન્મ મરણ કરવાં પડે છે, અને શુભાશુભ ગતિમાં જવું પડે છે, તેથી આત્માએ એકલા પોતેજ પોતાનું અક્ષય આત્મહિત સાધી લેવું. (૧૫૩)

૪ 'અન્યત્વ' હું સ્વજનથી, પરજનથી, વૈભવથી અને શરીરથી જુદો છું, એવી જેની નિશ્ચિત મતિ છે તેને શોક–સંતાપ સંભવતો નથી. (૧૫૪)

૫ 'અશુચિત્વ' અશુચિથી ઉત્પન્ન થયેલા, અશુચિથી વૃદ્ધિ પામેલા અને અન્યને પણ અપવિત્ર કરનારા એવા દેહનો અશુચિભાવ દરેક સ્થાને ચિંતવવો. (૧૫૫)

૬ 'સંસાર' માતા થઈને પુત્રી, બ્હેન અને ભાર્યા આ સંસારને વિષે થાય છે, તેમજ પુત્ર થઈને પિતા, ભાઈ અને શત્રુ પણ થાય છે. (૧૫૬)

૭ 'આશ્રવ' જે મિથ્યાદ્રષ્ટિ, અવિરતિ, પ્રમાદી અને કષાય યોગને વિષે રૂચિવંત છે, તેનામાં કર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે, તે માટે તેનો નિરોધ કરવા યત્ન કરવો. (૧૫૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮ 'સંવર' પુન્ય પાપને નહિ ગ્રહણ કરવામાં જે મન, વચન, કાયાની વૃત્તિ તે આપ્ત પુરૂષોએ ઉપદેશેલો અત્યંત સમાધિવાળો અને હિતકારી **સંવર** સારી રીતે ચિંતવવા યોગ્ય છે. (૧૫૮)

૯ 'નિર્જરા' જેમ વૃદ્ધિ પામેલો દોષ લંઘનથકી યત્નવડે ક્ષીણ થાય છે, તેમ એકઠાં થયેલાં કર્મ સંવરયુક્ત પુરૂષ તપવડે ક્ષીણ કરી નાંખે છે. (૧૫૯)

૧૦ 'લોકસ્વરૂપ' ઉર્ધ્વ, અધો અને તીર્ચ્છી લોકનું સ્વરૂપ, તેનો વિસ્તાર, સર્વત્ર જન્મ મરણરૂપી દ્રવ્ય અને ઉપયોગનું ચિંતવન કરવું. (૧૬૦)

૧૧ 'સદ્ધર્મસ્વરૂપ ચિંતન' જેમણે અંતરંગ શત્રુઓને જીત્યા છે. એવા જિનેશ્વરોએ જગતના હિતને માટે આ ચારિત્રધર્મ સારી રીતે પ્રરૂપેલો છે. તેમાં જે રકત થયેલા છે તે સંસારસમુદ્રને લીલામાત્રમાં પાર પામેલા સમજવા. (૧૬૧)

૧૨ 'સમ્યક્ત્વબોધિદુર્લભતા' મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, ઉત્તમ કુળ, આરોગ્યતા, અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થયે છતે તેમજ શ્રદ્ધા, સદ્ગુરૂ યોગ, અને શાસ્ત્રશ્રવણ આદિ સામગ્રી વિદ્યમાન છતે પણ સમ્યક્ત્વ અતિ દુર્લભ છે.(૧૬૨)

સેંકડો ભવે એવું દુર્લભ સમ્યક્ત્વ પામીને પણ મોહથી, રાગથી, કુમાર્ગ દેખવાથી અને ગારવના વશથી ચારિત્રપાત્ર થવું અતિ દુર્લભ છે. (૧૬૩)

તે ચારિત્રરત્ન પામીને ઇંદ્રિય, કષાય, ગારવ અને પરીષહરૂપ શત્રુથી વિહ્વળ થયેલા જીવને વૈરાગ્ય માર્ગમાં વિજય મેળવવો એ અત્યંત કઠિન છે. (૧૬૪)

તેમજ મૈત્રી પ્રમુખ ચાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ અધ્યાત્મકલ્પદ્રુમના કર્તા શ્રી મુનિસુંદરસુરીશ્વર મહારાજાએ તથા યોગશાસ્ત્રકાર શ્રીમાન્ હેમચંદ્રસુરીશ્વરજી પ્રમુખે આ પ્રમાણે કહેલું છે.

## મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટય.

૧, હે આત્મન્! તું જગતના સમસ્ત જંતુઓ ઉપર મિત્રતા ધારણ કર, સમસ્ત ગુણીજનો ઉપર પ્રમોદ–મુદિતા ભાવ ધારણ કર, સંસાર સંબંધી દુઃખોથી પીડિત પ્રાણીઓ ઉપર સદા કરૂણાભાવ ધારણ કર અને નિર્ગુણી–દુષ્ટ જનો ઉપર પણ સદાય મધ્યસ્થ ભાવને ધારણ કર.

૨, સમસ્ત અન્ય પ્રાણીવર્ગ ઉપર હિતબુદ્ધિ ધારી રાખવી તે **મૈત્રીભાવ**, ગુણીજનો ઉપર ગુણ પક્ષપાત–દૃઢ ગુણાનુરાગ તે **પ્રમોદભાવ**, સંસારિક પીડાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીડિત જનોનાં દુઃખ કાપવાની સમીહા તે **કરૂણાભાવ** અને અસાધ્ય દોષવંત જનો વિષે ઉપેક્ષા ( રાગદ્વેષ રહિત બુદ્ધિ ) તે **મધ્યસ્થભાવ** જાણવો.

૩, પરહિત ચિંતવવારૂપ **મૈત્રી**, પરદુઃખ વિનાશ કરનારી **કરૂણા**, પરસુખથી સંતોષ ધરવો તે **મુદિતા** અને પરદોષની ઉપેક્ષા કરવી તે **મધ્યસ્થભાવ** સમજવો.

૪, કોઇ પણ પ્રાણી પાપ ન કરો ! કોઇપણ પ્રાણી દુઃખી ન થાઓ ! અને આ આખું જગત સમસ્ત દુઃખથી મુકત થાઓ એવી મતિ મૈત્રીભાવ કહેવાય છે.

૫, પ્રાણીઓના મન, વચન અને કાયાના દ્રોહકારી રાગદ્વેષાદિક રોગો ઉપશાન્ત થાઓ ! મતલબ સર્વને ત્રિવિધ શાન્તિ સંપ્રાપ્ત થાઓ ! સર્વ કોઇ સમતા રસનો આસ્વાદ કરો ! અને સર્વે સર્વત્ર સુખી થાઓ !

૬, સર્વ જગતનું કલ્યાણ થાઓ ! પ્રાણીવર્ગ પરોપકાર રસિક બનો ! દોષમાત્ર દૂર થાઓ ! અને લોકો સર્વત્ર સુખી થાઓ !

૭, સર્વ જીવવર્ગને હું ખમાવું છું, સર્વે જીવો મને ક્ષમા કરો ! સર્વ પ્રાણી વર્ગ સાથે હું મિત્રતા–મૈત્રી ધારણ કરૂં છું, મારે કોઇ સાથે વૈર વિરોધ નથી.

૮, અઢારે પુરાણોના સારમાંથી સાર ઉદ્ધરેલો એ છે કે 'પરોપકાર પુણ્યને માટે છે, અને પરપીડા તે પાપને માટે છે.' મતલબ કે પરોપકારથી પુણ્યપ્રાપ્તિ અને પરપીડા—પરદ્રોહથી પાપવૃદ્ધિ થાય છે.

૯, જેમણે સમસ્ત દોષને દૂર કર્યા છે અને જે વસ્તુસ્વરૂપનું ( યથાર્થ ) અવલોકન કરનારા છે એવા ગુણીજનોના ગુણમાં જે પક્ષપાત ( દ્રઢાનુરાગ ) તે **પ્રમોદ** યા **મુદિતભાવ** કહેવાય છે.

૧૦, દીન–આર્ત, ( દુઃખી ) ભયભીત અને જીવિતની યાચના કરનારા જીવોનાં તે તે દુઃખો ટાળવાની જે બુદ્ધિ તે **કરૂણાભાવ** કહેવાય છે.

૧૧, જે ભવ્યજનો એવી રીતે પરદુઃખ છેદવા પોતાના હૃદયમાં યોગ્ય વિચાર કરે છે તે પરિણામે અતિ સુંદર નિર્વિકાર સુખ પામે છે.

૧૨, નિર્દય કાર્યોમાં નિઃશંકપણે પ્રવર્તનાર ઉપર, તેમજ દેવ ગુરૂની નિંદા કરનાર ઉપર, અને આપવખાણ કરનાર ઉપર રાગદ્વેષરહિતપણે સમભાવ રાખવામાં આવે તે **મધ્યસ્થભાવ** કહ્યો છે.

પાંચ મહાવ્રતની પચવિશ ભાવનાઓ **આચારાંગ** સૂત્ર પ્રમુખમાં કહેલી છે એવી રીતે અનેક ઉત્તમ શાસ્ત્રનો પવિત્ર આશય લઇ **શ્રીમાન્ વિનયવિજય** મહારાજાએ આ **શાન્તસુધારસ** ગ્રંથમાં પૂર્વોકત દ્વાદશ અને ચાર મળી ૧૬ ભાવનાએ સોળ પ્રકાશો વડે નિરૂપી છે. દરેક ભાવનાની શરૂઆતમાં કેટલાક શ્લોકોથી તેનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ણન કરી પછી એક એક ઉત્તમ ગીત-રાગવડે તે તે ભાવનાનું હૃદયગ્રાહી એવું તો ઉત્તમ ગાન કર્યું છે કે તેથી સહૃદય વિદ્વાનજનો ઉપર તેની અજબ અસર થાય છે.

આ શાંતસુધારસ ગ્રંથ કર્તાએ ગંધાર નગરમાં સંવત્ ૧૭૨૩ માં નિર્માણ કરેલ છે, ઈત્યાદિક બીના ગ્રંથના અંતે સ્પષ્ટ જણાવેલી છે.

કર્ત્તાનું જીવન ચરિત્ર તથા તેમણે કરેલી અનેક કૃતિઓ માટે અન્ય ગ્રંથોમાં ઉલ્લેખ થયેલો છે ત્યાંથી જોઈ લેવા ભલામણ છે.

ઉક્ત સંપૂર્ણ ગ્રંથ સંસ્કૃત પદ્યબદ્ધ હોવાથી સ્વપર હિતાર્થે તેનું સરલ ગુજરાતી ભાષામાં ભાષાંતર કર્યું છે, જેથી ભાવનાપ્રબોધને ઇચ્છનારા અન્ય ભવ્યજનો પણ તેનો લાભ લેવા ભાગ્યશાળી બની શકે. જે શુભ આશયથી આ કાર્ય કરવામાં આવ્યું છે તે શુભાશય સત્વર સિદ્ધ થાઓ ! ( **તથાસ્તુ.** )

## ગ્રંથ પ્રારંભ.

## મંગલાચરણ.

૧, જેમાં પાંચ આશ્રવોરૂપ મેઘ અવિચ્છિન્નપણે વર્ષી રહ્યા છે, અને જે વિવિધ કર્મલતાના વિસ્તારથી ગહન તેમજ મોહ અંધકારથી ઉદ્વેગવાળું છે, એવા આ ઘાટા ભવવનમાં ભૂલા પડેલા પ્રાણીઓના હિતને માટે કરૂણાથી પવિત્ર અંતઃકરણવાળા તીર્થંકરોએ ઉપદેશેલી અમૃતને ઝરનારી રમણિક વાણીઓ તમારૂં રક્ષણ કરો.

## ગ્રંથપ્રયોજનાદિ.

૨, શુભ ભાવના વિના વિદ્વાનના મનમાં પણ શાન્ત સુધારસ સ્ફુરતો નથી, અને એ શાન્તસુધારસ વિના મોહ વિષાદરૂપ વિષથી આકુળ એવા આ જગતમાં લેશમાત્ર સુખ નથી.

૩, જો તમારૂં ચિત્ત ભવભ્રમણજન્ય ખેદથી ઉદ્વિગ્ન થયું હોય અને ( મોક્ષસંબંધી ) અનંત સુખ મેળવવા તત્પર થયું હોય તો શુભભાવના ( રૂપ અમૃત ) રસથી ભરેલો આ અમારો શાન્ત સુધારસ ગ્રંથ સાંભળો.

૪, પવિત્ર મનવાળા ( વિદ્વાન્ જનો ) શ્રવણ કરવાથી પાવન કરનારી દ્વાદશ ( બાર ) ભાવનાઓ પોતાના અંતઃકરણમાં ધારણ કરો ! જેથી અંતઃકરણમાં પ્રસિદ્ધ સમતા-લતા કે જેની અદ્ભુત ગતિ મોહવડે આચ્છાદિત થઇ ગઇ છે તેનો પ્રાદુર્ભાવ થાય એટલે પ્રગટ ભાવને પામે.

૫, આર્ત્ત, રૌદ્ર ધ્યાનના માઠા પરિણામરૂપ અગ્નિવડે જેમાંથી વિવેક વિવેકનું શોભનિકપણું નષ્ટ થઇ ગયું છે એવા વિષયલોલુપી આત્માના મનમાં સમતાનો અંકુર શી રીતે ઉગીજ શકે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬, શ્રુત-સિદ્ધાન્તના અભ્યાસથી ઉન્નતિ પામેલા અને વિવેકરૂપ અમૃતવૃષ્ટિથી સુશોભિત થયેલા જેના અંતઃકરણનો સદ્ભાવના આશ્રય કરે છે તેનાથી અલૌકિક પ્રશમ સુખરૂપ ફળને પ્રસવનાર કલ્પલતા દૂર નથી. મતલબ કે જેમના પવિત્ર હૃદયમાં સદ્ભાવના સ્ફુરી રહી હોય તેમનું સર્વોત્તમ સમીહિત સધાવું સહજ છે. સ્વર્ગ અને મોક્ષ પણ તેમને કરતલગત છે.

૭, અનિત્યત્વ, અશરણત્વ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ તેમજ સંવર ભાવનાને હે આત્મન્ ! તું વિચાર.

૮. કર્મનિર્જરા, ધર્મસુકૃત, લોકસ્વરૂપ અને બોધિદુર્લભતા એ ( દ્વાદશ ) ભાવનાઓને ભાવતો છતો તું ભવપ્રપંચથી મુક્ત થઇશ.

## " અનિત્ય ભાવના "

### પ્રથમ શરીરનું અનિત્યપણું બતાવે છે.

૯, આ મનુષ્યોનું શરીર અતિ ઉન્માદની લીલાના પરિચયવાળું છતાં પણ પાણીના પરપોટા જેવું જોતજોતામાં વિનાશ પામવાવાળું છે. તે શરીર અતિ ચપળ યૌવન વડે અવિનીત ( ઉન્માદવાળું ) હોવાથી વિદ્વાન લોકોના મહોદયને માટે શી રીતે થાય ?

### ' હવે સંસારનું અનિત્યપણું બતાવે છે. '

૧૦, ( જગતમાં પ્રાણીઓનું ) આયુષ્ય પવનથી ચંચળ થયેલા જળના તરંગ જેવું, સંપદા વિપદા સાથે મળેલી, ઇંદ્રિયોના સકળ વિષયો સંધ્યાના રંગ જેવા ચપળ, તેમજ મિત્ર, સ્ત્રી અને સ્વજનાદિકના સંગમનું સુખ સ્વપ્ન કે ઇંદ્રજાળ જેવું ( અસ્થિર ) જણાય છે, તો પછી આ સંસારમાં એવી કઇ વસ્તુ છે કે જે સત્પુરૂષોને હર્ષના સાધનરૂપ થાય ?

૧૧, હે ભાઇ ! પ્રભાતમાં જે સજીવ-નિર્જીવ પદાર્થો દેદીપ્યમાન કાન્તિવાળા, પ્રાણીઓના મનને પ્રમોદ કરનારા અને સ્વતઃ શોભનિક જણાયા તેજ પદાર્થો જોતજોતામાં નષ્ટ થતા જોતાં છતાં મારૂં મૂઢ મન સંસાર સંબંધી રાગરંગને તજતું નથી તે ખરેખર ખેદની વાત છે.

### વ્યાખ્યા.

૧. હે મુગ્ધ આત્મન્ ! તું (તારા) મનમાં પોતાના (કલ્પિત) પરિવાર સહિત વૈભવને વારંવાર ચિંતવીને ખાલી મોહ પામે છે. હે આત્મન્ ! તું પોતાનું જીવિત-આયુષ્ય ડાભના અગ્રભાગ ઉપર રહેલું જળબિંદુ પવને કંપાવ્યું છતું જલદી ટપકી જાય તેવું અસાર-ક્ષણિક જાણ, મતલબ કે તેનો ભરોંસો ન રાખીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨. તું તપાસી જો કે વિષયસુખનો સંબંધ કેવો ક્ષણભંગુર છે? તે જોતજોતામાં હાથતાળી દઈને જાય તેમ જતું રહે છે. આ સંસારની માયા વેગથી વીજળીના ઝબકારાના વિલાસને અનુસરે છે, અર્થાત્ સંસાર પ્રપંચ વીજળીના વિલાસ જેવો દષ્ટ નષ્ટ થઈ જાય છે તેથી તે વિશ્વાસ કરવા યોગ્ય નથી.

૩. ખેદની વાત છે કે (આ)હત યૌવન કુતરાની પુંછડી જેવું અતિ કુટિલ છતું પણ જોતજોતામાં વેગે વિનાશ પામી જાય છે. તે યૌવનવડે (કામિની) સ્ત્રીઓને પરવશ થયેલા નષ્ટ બુદ્ધિવાળા (લોકો) જગતમાં કટુક રસવાળા કષ્ટને કેમ કળી શકતા નથી? આ એક ભારે આશ્ચર્યની વાત છે.

૪. જો કે આ દેહ જગતમાં અતિ દુર્જય જરાથી સત્વહીન થયો છતો ક્ષીણ થઈ ગયો (હોય) તોપણ પ્રાણીઓનું નિર્લજ્જ મન કુબુદ્ધિવાળા અને કુત્સિત એવા કામવિકારને તજતું નથી એ બહુ શરમની વાત છે.

૫. અનુત્તર વિમાનના દેવ સુધીનાં જે અતિ ભારે સુખ છે તે પણ કાળે કરીને પૂરાં થઈ જાય છે તોપછી બીજી કઇ સંસારીક વસ્તુ સ્થિરતર હોઇ શકે તેનો પુખ્ત વિચાર કરી જો.

૬. જેમની સંગાથે આપણે રમ્યા, જેમને આપણે બહુજ વખાણતા અને જેમની સાથે આપણે પ્રીતિવાદ કરતા તે લોકોને ભસ્મ થયેલા જોઇને (પણ) આપણે નિઃશંકપણે વર્તીએ છીએ એ આશ્ચર્યની વાત છે. માટે એવા પ્રમાદને ધિક્કાર હો!

૭. સમુદ્રના કલ્લોલની પેરે સકળ સજીવ અને નિર્જીવ પદાર્થો વારંવાર ઉપજે છે અને વિલય પામે છે. ઇંદ્રજાળની જેવા સ્વજનના અને દ્રવ્યના સંયોગ મળેલા છે તેમાં મૂઢજનોજ રંગાઇ જાય છે. મતલબ કે ક્ષણિક દષ્ટ નષ્ટ થતા સંયોગોમાં મુંઝાઇ ન જવું એજ સાર છે. વસ્તુ સ્વરૂપ વિચારી જે તેવા સંયોગમાં મુંઝાતા નથી તે પુરૂષો ધન્ય છે.

૮. અહો! આશ્ચર્યની વાત છે કે જંગમ અને સ્થાવર જગત્ માત્રને સદાય ભક્ષણ કરતો કાળ (કદાપી) તૃપ્ત થતોજ નથી. પોતાના મુખમાં રહેલા સહુને ભક્ષણ કરતા એવા કાળના હાથે ચઢેલા આપણો પણ છુટકો થવાનો નથી. એ કાળ આપણો કોળીયો કરી ન જાય એટલામાં ચેતી શકાય તો ચેતી લેવામાંજ સાર છે. પછી હારી બાજી હાથ રહી શકે તેમ નથી.

૯. (તે માટે) નિત્ય એક અને ચિદાનંદમય એવું આત્માનું સ્વરૂપ લખી (લક્ષી) ઓળખીને મારે (સ્વાભાવિક–કૃત્રિમ નહિ એવા) સુખનોજ અનુભવ કરવો જોઇએ. (એમ ગ્રંથકર્ત્તા શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે અને આશિર્વાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપે છે કે ) પ્રશમરસ રૂપ અભિનવ અમૃત—પાનવડે વિનયોત્સવ આજ ભવમાં સત્પુરૂષોને સદાય હોજો !

**ઈતિ મહોપાધ્યાય શ્રી કીર્ત્તિવિજયગણિ શિષ્યોપાધ્યાય શ્રી વિનયવિજયગણિ વિરચિતે શાંતસુધારસગેયકાવ્યે અનિત્યભાવના વિભાવનો નામ પ્રથમ પ્રકાશઃ ॥**

## गुणानुराग.

[ પુ. ૨૧ ના પૃષ્ટ ૩૮૪ થી ]

હવે મધ્યમ પુરૂષ કોને કહેવા તે બતાવે છે—

**पुरिसथ्थेसु पवट्टइ, जो पुरिसो धम्म अथ्थ पमुहेसु ।**
**अन्नुनमवाबाहं, मज्झिमरूवो हवइ एसो ॥ २१ ॥**

" ધર્મ અર્થ પ્રમુખ પુરૂષાર્થોમાં જે અન્યોન્યને બાધા ન આવે તેવી રીતે પ્રવર્તે તેવો પુરૂષ મધ્યમ રૂપવાળો હોય છે. "

**વિવેચન**—ધર્મ, અર્થ, કામ ને મોક્ષ આ ચાર પુરૂષાર્થ છે, તેમાં મોક્ષ પુરૂષાર્થને મુકીને બાકીના પુરૂષાર્થને એ પુરૂષ એવી રીતે સેવે છે–આચરે છે કે જેથી એક બીજાને બાધા ન આવે. ધર્મ એવી રીતે સાધે છે કે જેથી અર્થ કામમાં બાધ આવતો નથી, અર્થ વર્ગ એવી રીતે સાધે છે કે જેથી ધર્મ ને કામમાં બાધ આવતો નથી, અને કામવર્ગ એવી રીતે સાધે છે કે જેથી ધર્મ ને અર્થમાં બાધ આવતો નથી. એવી રીતે પરસ્પરને બાધા ન આવે તેમ ત્રણ વર્ગને સાધનાર મનુષ્ય મધ્યમની પંક્તિમાં મુકવા લાયક છે. માર્ગાનુસારી જીવોનું આ મુખ્ય સ્થાન છે. સમકિતદૃષ્ટિ તેમજ દેશવિરતિ જીવો પણ કેટલીક વખત આ પંકિતમાં મૂકી શકાય છે. આ દશા પણ સારી છે. કેમકે આ દશામાં વર્તતો જીવ ઉપર ચડી શકે છે.

આ ચાર પ્રકારના પુરૂષોનું બહુમાન કરવાથી શું થાય ? તે કહે છે—

**एएसिं पुरिसाणं, जइ गुणगहणं करेसि बहुमाणो ।**
**तो आसन्नसिवगुहो, होसि नूणं नत्थि संदेहो ॥ २२ ॥**

" આ ( ચાર પ્રકારના ) પુરૂષોનું જો બહુમાનપૂર્વક ગુણ ગ્રહણ કરીશ તો તું આસન્નકે૦ સમીપ છે શિવ સુખ જેને એવો થઈશ. તેમાં સંદેહ નથી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિવેચન---સર્વોત્તમોત્તમ, ઉત્તમોત્તમ, ઉત્તમ ને મધ્યમ આ ચાર પ્રકારના પુરૂષો જેની વ્યાખ્યા ઉપર સમજાવવામાં આવી છે તેનું બહુમાન કરવું અને બહુમાનપૂર્વક તેના ગુણો ગ્રહણ કરવા. ગ્રહણ કરવા એટલે તે તે ગુણોની પ્રશંસા કરવી, મેળવવા ઇચ્છા કરવી અને મેળવવા માટે બનતો પ્રયત્ન કરવો. આ માર્ગજ ગુણ ગ્રહણનો છે. એવી રીતે ગુણ ગ્રહણ કરવાથી પ્રાણી આસન્નભવિ અર્થાત્ અલ્પ કાળમાં જેને મોક્ષ સુખની પ્રાપ્તિ થવાની છે એવો થાય છે. કર્ત્તા કહે છે કે—એમાં કિંચિત્ પણ સંશય રાખવા જેવું નથી. ગુણને શુદ્ધ અંતઃકરણથી ગ્રહણ કરનાર માણસ ગુણનું ભાજન થાય છે, અને ગુણી મનુષ્ય કર્મથી વિમુક્ત થઈ અલ્પકાળમાં સંસારનો અંત કરે છે. આ વાત સિદ્ધ થયેલીજ છે.

હવે જે જીવો એ ચાર પ્રકારના પુરૂષોની પંક્તિમાં મુકવા લાયક નથી, તેની સાથે કેવી રીતે વર્તવું ? તે બતાવે છે—

पासत्थाइसु अहुणा, संजमसिढिलेसु मुक्कजोगेसु ।
नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्झे ॥ २३ ॥

" હમણાં સંયમમાં શિથિલ થયેલા અને યોગ ક્રિયાદિકથી મુકાયેલા પાસથ્થાદિકની સભાના મધ્યમાં નિંદા ન કરવી તેમ પ્રશંસા પણ ન કરવી."

વિવેચન—હમણાં એટલે વર્તમાનકાળે જે મુનિ સંયમમાં શિથિળ થઇ ગયા હોય અથવા જે યોગ ક્રિયા ન કરતા હોય તેથી પાસથ્થા, ઉસન્ના, કુશીલિયાદિકની પંક્તિમાં મુકવા યોગ્ય સ્થિતિને પ્રાપ્ત થયા હોય તેમની પણ ગુણ ગ્રહણ કરવાના ઇચ્છકે—ગુણાનુરાગીએ સભાના મધ્યમાં એટલે ઘણા માણસોની વચ્ચે નિંદા કે પ્રશંસા કદાપિ ન કરવી. અહીં કર્ત્તાએ એવકાર મુકીને આ વાતને બહુ દ્રઢ કરી છે. આની મતલબ એ છે કે—વર્ત્તમાન સમયે કર્મોદયના કારણથી કોઇ જીવ સંયમાદિમાં શિથિળ આદરવાળો થઇ ગયો તો તે શું પાછો ઉત્તમ નિમિત્તાદિકને પામીને ચારિત્રમાં દ્રઢ ન થાય ? થાય. માટે તેની નિંદા ન કરતાં તેને રસ્તે લાવવા યથાશક્તિ પ્રયત્ન કરવો અને પ્રશંસા તો એવા પાસથ્થાદિકની કરાયજ કેમ ? કારણ કે, એતો ગુણથી વિમુક્ત થયેલા છે, અને આ તો ગુણનો રાગી છે, તે ગુણ વિના પ્રશંસા કરેજ શેનો ? વળી ગુણ રહિતની અથવા દુર્ગુણીની પ્રશંસા કરવાથી બીજા ભદ્રિક મનુષ્યો તેને ગુણી માની તેની જાળમાં ફસાઈ જાય છે. એનો કારણિક પ્રશંસા કરનાર થાય છે. એટલુંજ નહીં પણ પોતામાં ગુણ લાવવા હોય તેને બદલે અવગુણ આવે છે, માટે એવાની નિંદા કે પ્રશંસા બંને કરવા યોગ્ય નથી. ' સભામાં ન કરવી ' એમ કહેવાની મતલબ એ છે કે—ખાનગી રીતે તેને કહી શકે–સમજાવી શકે–રસ્તે

For Private And Personal Use Only

લાવી શકે તેના માણસની પાસે તેના દુર્ગુણની કે શિથિળતાની વાત તેના હિતની ખાતર કરવી પડે તો તેનો પ્રતિબંધ નથી.

એવાઓની જ્યારે નિંદા કે પ્રશંસા ન કરવી ત્યારે શું કરવું ? તે કહે છે—

काऊण तेसु करुणं, जइ मन्नइ तो पयासए मग्गं।
अह रूसइ तो नियमा, न तेसिं दोसं पयासेइ ॥ २४ ॥

" તેને વિષે ( તેના પર ) કરૂણા કરીને જો માને તો તેની પાસે શુદ્ધ માર્ગ પ્રકાશે ( કહે-બતાવે ), છતાં કદી તે રોષ કરે તો નિશ્ચે તેના દોષ તો પ્રકાશેજ નહીં. "

**વિવેચન**—એવા પાસથ્થાદિકને વિષે કરૂણા લાવવી. જેમ દ્રવ્યથી દુઃખી મનુષ્યો પર દયા આવે છે તેમ આને ભાવથી દુઃખી માની તેની પર કરૂણા લાવવી અથવા તે આગામી કાળે અવશ્ય દુઃખના ભાજન થશે એમ માનીને પણ તેનાપર કરૂણા લાવવી. અને પછી જો તે કોઇ રીતે માને તેવું લાગે તો તેની પાસે શુદ્ધ માર્ગ પ્રકાશવો. અર્થાત્ તેને શુદ્ધ માર્ગ બતાવવો. શુદ્ધ માર્ગ બતાવતાં જો તે માને નહીં પણ ઉલટા રોષ કરે તો તેના દોષ તો કોઇની પાસે પ્રકાશવાજ નહીં. આ વાતનો તો નિશ્ચયજ. કેમકે તે પોતાની ફરજ ન સમજ્યો, પણ ગુણ મેળવવાનો ઇચ્છક તો પોતાની ફરજ સમજે છે, એટલે તેણે એવા મનુષ્યોના સંબંધમાં મધ્યસ્થ રહેવાની પોતાની ફરજ સમજી મૌનજ રહેવું.

સાંપ્રતકાળ કેવા પ્રકારનો છે ? ને તેમાં કેમ વર્તવું યોગ્ય છે ? તે બતાવે છે—

संपइ दूसमसमये, दीसइ थोवोवि जस्स धम्मगुणो ।
बहुमाणो कायव्वो, तस्स सया धम्मबुद्धीए ॥ २५ ॥

" સાંપ્રત્ કાળે દુષમ સમયમાં જેનામાં થોડો પણ ધર્મનો ગુણ દેખાય તો તેનું ધર્મ બુદ્ધિવાળા જીવે સદા બહુમાન કરવું. "

**વિવેચન**—આ પાંચમો દુષમા આરો વર્તે છે. આ કાળમાં વાસ્તવિક ધર્મનો ગુણ બહુ સ્વલ્પ જીવોમાંજ પ્રાપ્ત થઇ શકે તેમ છે. તેથી તેવા સમયમાં જો કોઇ જીવમાં અલ્પ પણ વાસ્તવિક જિનપ્રણિત ધર્મ દૃષ્ટિગોચર થાય તો તે જોઇને બહુજ રાજી થવું, તેની પ્રશંસા કરવી, તેનું બહુમાન કરવું. એ ધર્મબુદ્ધિવાળા જીવોનું લક્ષણ છે. પોતાને ધર્મની પ્રાપ્તિ એવા ધર્મિષ્ટ જીવોનું બહુમાન કરવાથીજ થઇ શકવા સંભવ છે. આ પ્રમાણેનું બહુમાન સદા-નિરંતર કરવું એમ કહેવાની મતલબ એ છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક વાર કરીને બેસી ન રહેવું પણ તેવો ધર્મ ગુણ પોતાને પ્રાપ્ત થાય ત્યાં સુધી કરવું. તેમજ અન્ય જીવો પણ તેવા ધર્મના રાગી થાય તેને માટે જ્યારે જ્યારે પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે ત્યારે તેવા અલ્પધર્મી જીવોનું પણ બહુમાન કરવું.

ગુણવાન જ્યાં હોય ત્યાં બહુમાન કરવાને યોગ્ય છે તે બતાવે છે—

जइ परगच्छि सगच्छे, जे संविग्गा बहुस्सुया मुणिणो ।
तेसिं गुणाणुरायं, मा मुंचसु मच्छरपहउ ॥ १६ ॥

" જો પરગચ્છમાં કે સ્વગચ્છમાં જે સંવિજ્ઞ અને બહુશ્રુત મુનિ હોય તો તેનો ગુણાનુરાગ હે જીવ ! મત્સરથી હણાયો સતો તું મુકીશ નહીં. "

**વિવેચન**—આ ગાથાનું રહસ્ય ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે. કર્ત્તા કહે છે કે–સ્વગચ્છમાં કે પરગચ્છમાં કોઈ પણ સંવિજ્ઞ–મોક્ષમાર્ગાભિલાષી–તદ્યોગ્ય ક્રિયામાં તત્પર અને બહુશ્રુત–જૈનસિદ્ધાંતોના પારગામી અનેક શાસ્ત્રોના અવગાહક મુનિ હોય અર્થાત્ જ્ઞાન કે ક્રિયામાં તત્પર કોઇ પણ મુનિરાજ હોય તો તેના ગુણના રાગી થવું. કોઈ પણ પ્રકારના ગચ્છાદિકના મત્સરથી–ઈર્ષ્યાથી–અદેખાઈથી તેના ગુણ સંબંધી રાગને તજી દેવો નહીં. જેનામાં જે પ્રકારનો ગુણ જણાય તેવી પરીક્ષા કરીને અવશ્ય તેના રાગી થવું. તે ગુણને ઓળવવો નહીં, એજ પોતાનામાં ગુણ પ્રાપ્ત કરવાનો અસ્ખલિત—સત્ય માર્ગ છે. આ વિષયમાં ઘણા શ્રાવકભાઈઓ સુજ્ઞ ગણાતાં છતાં ભૂલ ખાતા નજરે પડે છે. ગચ્છાદિનો આગ્રહ ગુણો તરફ દૃષ્ટિ કરતાં છોડી દેવા યોગ્ય છે, તે વાત ખ્યાલમાં રહેતી જણાતી નથી પરંતુ ખ્યાલમાં રાખવા યોગ્ય છે. અહીં આ સંબંધમાં વધારે ન લખતાં અન્ય પ્રસંગે લખવા ઇચ્છા વર્તે છે.

પ્રાંતે સહેલાઇથી ગુણ મેળવવાનો માર્ગ બતાવે છે—

गुणरयणमंडियाणं, बहुमाणं जो करेइ सुद्धमणो ।
सुलहा अन्न जम्मंमि य, तस्स गुणा हुंति नियमेणं ॥ १७ ॥

" ગુણરૂપી રત્નોથી મંડિત ( અલંકૃત ) પુરૂષોનું જે શુદ્ધ મનથી બહુમાન કરે તેને અન્યભવમાં નિશ્ચયે ગુણની પ્રાપ્તિ સુલભ થાય. "

**વિવેચન**—ગુણ અનેક પ્રકારના ક્ષમા, માર્દવતા, આર્જવતા, નિર્લોભતા વિગેરે છે. તેને શાસ્ત્રકાર રત્નની ઉપમા આપે છે. આ રત્ન ખરેખરાં છે. અન્ય પુદ્ગલિક રત્નોને વિનાશ પામતાં વાર લાગતી નથી પરંતુ આ ગુણ રૂપી રત્નો તો આત્મિક હોવાથી તેને અન્ય કોઇ નુકશાન કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકતું નથી. માત્ર પોતાની ભૂલ થાય છે તોજ તે વિનાશ પામે છે. એવા ગુણરૂપી અમૂલ્ય રત્નો જેની પાસે હોય, તેવા રત્નમય અલંકારોથી જે વિભૂષિત હોય, તેવા પુરૂષનું શુદ્ધ મનથી કોઇપણ પ્રકારના ઐહિક કારણ શિવાય જે મનુષ્ય બહુમાન કરે છે તેને તે તે ગુણોની પ્રાપ્તિ આગામી ભવે બહુ સહેલાઇથી વગર પ્રયાસે થઇ શકે છે. તેમાં સંશય રાખવા જેવું પણ નથી. કારણકે જે ગુણ બહુમાન કરવા તરીકે પણ હૃદયમાં વસ્યો તે તેની યોગ્યતા આત્મામાં ઉત્પન્ન કરે છે અને આત્મામાં યોગ્યતા પ્રાપ્ત થઇ એટલે તે ગુણ અવશ્ય ઉદ્ભવે છે. ખેડાયેલી જમીનમાં અન્ન નિષ્પન્ન થતાં વાર લાગતી નથી. માટે શુદ્ધ મનથી અન્યના ગુણોનું બહુમાન કરવું, તેને હૃદયમાં ચિંતવવું, વચનદ્વારા પ્રકાશવું અને શરીરદ્વારા તેવા ગુણીનો આદર સત્કાર કરવો. ખરૂં બહુમાન ત્યારેજ ગણાય છે.

હવે કર્ત્તા આ કુલકનો ઉપસંહાર કરતાં કહે છે કે—

एयं गुणाणुरायं, सम्मं जो धरइ धरणिमज्झंमि ।
सिरिसोमसुंदरपयं, सो पावइ सव्वनमणिज्जं ॥ २८ ॥

"આ ગુણાનુરાગ આ પૃથ્વી ઉપર જે કોઇ પ્રાણી સમ્યક્ પ્રકારે ધારણ કરે તે શોભનિક અને શાંતસુંદર એવા સર્વને નમવા યોગ્ય પદને પામે."

**વિવેચન**—આ પૂર્વોક્ત ગુણાનુરાગ સમ્યક્ પ્રકારે-જેમ કહેલ છે તેમ-યથાસ્થિત જો કોઇ પણ પ્રાણી હૃદયમાં ધારણ કરે અર્થાત્ તે પ્રમાણે વર્તે તો તે પ્રાણી સર્વને નમવા યોગ્ય એવા જ્ઞાનાદિ લક્ષ્મીવડે ભૂષિત શાંત અને સુંદર અથવા શાંતિવડે સુંદર-અખંડ શાંતિવાળા મોક્ષપદને અથવા તીર્થંકરપદને અવશ્ય પામે. આ ગાથામાં કર્ત્તાએ **સોમસુંદર** એવું પોતાનું નામ સૂચવ્યું છે.અને 'સર્વને નમવા યોગ્ય' એ વિશેષણવડે તીર્થંકરપદની પ્રાપ્તિ સૂચવી છે. જો કે સિદ્ધપદ પણ સર્વને નમવા યોગ્યજ છે,પરંતુ વ્યવહારમાં આ પૃથ્વી પર સર્વ પ્રાણી જેની પ્રાતિહાર્યાદિ લક્ષ્મીવડે જેને નમસ્કાર કરે છે એવું તીર્થંકર પદ છે. धरणिमज्झंमि એ પદ પણ ડમરૂકમણિ ન્યાયે બંને તરફ લગાડવા યોગ્ય છે.

કર્ત્તાએ આ કુલક મહા ઉપકારી રચ્યું છે. અને એની રચનામાં પોતાનું ગુણાનુરાગીપણું, નિષ્પક્ષપાતીપણું સ્પષ્ટ બતાવી આપ્યું છે. આવા મહાત્મા પુરૂષોને ધન્ય છે. એવા પુરૂષો આ કાળમાં બહુ દુર્લભ છે. આપણાપર એકાંત ઉપકાર કરનારા આવા મહાપુરૂષોના આપણે કાયમને માટે આભારી છીએ. તે આભારનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બદલો તેમના બતાવેલા માર્ગે ચાલવું તેજ છે. એમાંજ આપણું આત્મહિત રહેલું છે. ભવભીરૂ અને આત્મહિતના ઈચ્છક ભવ્ય જીવોને આ કુલક અક્ષરશઃ મનન કરવા યોગ્ય છે. એ રસ્તોજ ગુણ મેળવવા માટે ગ્રહણ કરવા યોગ્ય છે. જે પ્રાણી એ રસ્તો ગ્રહણ કરશે તે પોતાના આત્મ કલ્યાણને સહેજે પ્રાપ્ત કરશે.

તથાસ્તુ.

# शीलधर्म.

## સનત્કુમાર અને શૃંગાર સુંદરી.

સુપાત્ર સાધુઓ રાજાદિક થકી દાનને ગ્રહણ કરતા નથી, તેથી ડાહ્યા પુરૂષોએ સર્વજનોને સાધારણ એવા શીલનુંજ નિરંતર પરિપાલન કરવું. જે પુરૂષ નિરંતર પ્રફુલ્લિત એવા ક્રીડાકમળની જેમ શીલને ધારણ કરે છે, તેને મુક્તિરૂપી સ્ત્રી અત્યંત કૌતુકથી જુએ છે. તેથી કરીને શુદ્ધ બુદ્ધિવાળો મનુષ્ય ચિંતામણિ સદૃશ સુકૃતની પ્રાપ્તિને માટે ( સુકૃત રૂપી ચિંતામણિ રત્નની પ્રાપ્તિને માટે ) શીલરૂપી અમૃતના સમુદ્રમાં મજ્જન ( સ્નાન ) કરે છે. ગાઢ છાયાવાળા પલ્વલમાં ( સરોવરમાં ) ઉજ્વલ રાજહંસની જેમ પાપના નાશ રૂપ ગાઢ છાયાવાળા શીળને વિષે ( શીળવાનને વિષે ) ઉજ્વળ ગુણો હર્ષથી પ્રાપ્ત થાય છે. શીલવ્રતનું પાલન કરવાથી લોકમાં સનત્કુમાર અને શૃંગાર સુંદરીની જેમ લોકોની પ્રીતિ, ભોગવિલાસ અને અંતે મુક્તિ પ્રાપ્ત થાય છે. તેમની કથા નીચે પ્રમાણે છે—

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સન્માર્ગના પાન્થરૂપ પૌરજનોના સમૂહથી શોભતી શ્રીકાંતા નામની નગરી છે. તેમાં પોતાના ઐશ્વર્યથી ઈન્દ્રને પણ ગ્લાની પમાડનાર તથા પોતાની શુભ્ર ( ઉજ્વલ ) કીર્તિ રૂપી માળાની શ્રેણીથી દિશાઓને વિરાજિત કરનાર સિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને નિરંતર દેદિપ્યમાન ગુણસમૂહવાળો, કળાઓને ગ્રહણ કરવામાં આગ્રહવાળો અને કીર્તિના નિવાસસ્થાનરૂપ સનત્કુમાર નામે કુમાર હતો. લેશ પણ દૂષણ રહિત ઉચ્ચ પ્રકારના લક્ષણોથી લક્ષિત એવો તે કુમાર શરીરના અવયવોની જેમ સાથેજ ઉત્પન્ન થયેલા ગુણવડે શોભતો હતો. ઉપદેશ આપવા જેટલોજ માત્ર પ્રયાસ કરતા ગુરૂ પાસેથી કળાઓને ગ્રહણ કરતા તે કુમારના હૃદયમાં અભ્યાસ નહીં કર્યા છતાં પણ સર્વે કળાઓ (કોઇ પણ કળા) સ્ખલના પામતી નહોતી. તે કુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારનું અનુપમ રૂપ સાંભળીને તેના સંગની ઇચ્છાવાળી સ્ત્રીઓ તેના અંગના સંગવાળી [1]ખુરલીની રજને પણ પોતાથી અધિક ધન્ય માનતી હતી. વિરહના ઉદય સમયે નિપુણ સ્ત્રીઓ કામદેવના ચિત્રનો અભ્યાસ કરવાના મીષથી પતિઓના ઉર:સ્થળ ઉપર તે કુમારનુંજ ચિત્ર આળેખતી હતી. શરણે આવેલા પ્રાણીઓનું રક્ષણ કરવામાં વજ્રના પાંજરા સમાન તે રાજકુમારને વિષે ધનુષના દૂતરૂપી બાણો તે બાહુદંડના મંડળની છાયાનો આશ્રય કરતા હતા.

તે કુમાર એકદા મધ્ય રાત્રીએ ચંદ્રશાળામાં નિદ્રાવશ સુતો હતો. તે વખતે તેણે શત્રુથી હણાતા કોઇ પુરૂષનો આક્રંદ ( શબ્દ ) સાંભળ્યો. તરતજ દયાવડે આર્દ્ર થયેલા તે કુમારની નિદ્રા નષ્ટ થવાથી તેનાં નેત્રો ઉઘડી ગયાં, અને ચમત્કાર સહિત તેણે આ પ્રમાણે આકાશવાણી સાંભળી—" અહો ! પરના દુ:ખથી દુ:ખી થનાર અને દીન તથા અનાથનો ઉદ્ધાર કરવામાં સમર્થ એવો કોઇ પણ પુરૂષ કોઇપણ સ્થાને છે ? કે જે આ દુષ્ટથી મારૂં રક્ષણ કરે. જે પુત્રે કરીને તેની માતા ત્રણ જગતના વીરોની માતાઓને હસી કાઢે એવો કોઇ પુત્ર આ દુનિયામાં છે ? કે જે આ દુષ્ટથી મારૂં રક્ષણ કરે. પોતાના ધૈર્યવડે કરીને પોતાના જન્મના તિથિ, નક્ષત્ર અને વારને ગર્વિષ્ઠ કરતો એવો કોઇ આ જગત્‌ને વિષે છે ? કે જે આ પાપીથી મારૂં રક્ષણ કરે. પ્રેમાળુ પ્રિયાઓના સંગથી પણ જે યુદ્ધને પ્રિય માને છે એવો કોઈ પણ વીરશ્રેષ્ઠ શું આ દુનિયામાં નથી ? કે જે આ પાપીથી મારૂં રક્ષણ કરે. અરે રે ! હું હણાયો, હણાયો, મારૂં રક્ષણ કરવા કોઇ પણ દોડી આવતું નથી; તો આ નિરાધાર ત્રણ જગત કોના પરાક્રમે ( આધારે ) આકાશમાં અધર રહેલું છે ? શું આ વિશ્વમાં વીર પુરૂષોજ નથી ? અથવા છે તો શું તેઓ નિર્દય છે ? કે શું બધિરપણાને પામ્યા છે ? કે જેથી મારૂં આક્રંદ કરનારનું રક્ષણ કરતા નથી. જો કદાચ રાત્રિને લીધે સર્વ મનુષ્યો સુઇ ગયા છે, તો અમર્ત્યો (દેવો)ને પણ શું થયું છે ? કે જેથી તેઓ પણ શક્તિમાન છતાં મારાપર કૃપા કરતા નથી. અહો ! મનુષ્ય, ગંધર્વ, દેવ કે દાનવ કોઇ પણ સાહસિક નથી ? કે જે મારૂં રક્ષણ કરી શકે. હા ! હા ! હું હણાઇ ગયો !" આ પ્રમાણે આક્રન્દ સાંભળીને રોમાંચિત થયેલો અને જેના મસ્તકના કેશો વિખરાઇ ગયેલા છે એવો તે રાજપુત્ર ઉંચું જોતો અને ધનુષને હલાવતો ઉભો થયો. પરંતુ પૃથ્વીપર ગતિવાળો કુમાર આકાશગામીનું રક્ષણ કરવામાં અસમર્થ હોવાથી વિલખો થઇને એક ક્ષણવાર તો આકાશમાં ગતિ કરનાર પક્ષીઓને પણ ધન્ય માનવા લાગ્યો. તે વખતે " મારાથી હણાતા એવા તારૂં

[1] ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતી વખતની ધૂળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભલા તું ફોગટ આક્રંદ ન કર." એ પ્રમાણે ફરીથી આકાશમાં શબ્દ થયો. તે સાંભળતાંજ શરણદાતામાં શિરોમણિ એવા તે નિપુણ કુમારે હણનારના શબ્દને અનુસરીને આકાશમાં શબ્દવેધી બાણ માર્યું. તેટલામાં કુમારની પાસેજ શત્રુના ખડ્ગથી હણાયેલો એક પુરૂષ પૃથ્વીપર પડ્યો. અને ત્યાર પછી તરતજ કુમારના બાણથી હણાયેલો બીજો પુરૂષ પણ પડ્યો. તે બન્નેને મૂર્છા પામેલા જોઇને રાજકુમાર વિસ્મય પામ્યો. તેવામાં આકાશથી કોઈ વીજળીના જેવી ચપળ સ્ત્રી નીચે ઉતરી અને શત્રુએ જેના અંગપર ખડ્ગ પ્રહાર કર્યો હતો તે પુરૂષની પાસે ઉભી રહીને અત્યંત કરૂણારસથી વ્યાપ્ત સ્વરે રૂદન કરવા લાગી. તે વખતે 'આ આશ્ચર્યકારક ચરિત્ર શું છે?' એમ કુમારે તેણીને પૂછ્યું, એટલે શોકથી સુકાતા ઓષ્ઠને અશ્રુવડે આર્દ્ર કરતી તે સ્ત્રી બોલી કે—

"રક્તમણિની કાંતિના સમૂહરૂપી સિંદૂરના સમૂહથી ચિત્રેલો અને જાણે લક્ષ્મીને ક્રીડા કરવાનો રૂપાનો હસ્તિ હોય તેવો વૈતાઢ્ય નામનો પર્વત છે. તે પર્વત ઉપર વિશાલા નામની નગરી છે. તે નગરી ઉલ્લાસ પામતી લક્ષ્મીએ કરીને દેવપુરીનો પણ તિરસ્કાર કરે છે, તથા સ્ત્રીઓના મુખની સૌન્દર્યતાથી ચંદ્રની શોભાનું હરણ કરે છે. તે નગરીમાં આ રત્નચુડ નામનો વિદ્યાધર રાજા ક્રીડા કરે છે. (રાજ્ય કરે છે.) એની હું કશ્મીર દેવી નામની પ્રીતિપાત્ર પ્રિયા છું. આ (બીજો) ચંદ્ર નામનો વિદ્યાધર ચંદ્રપુરીનો રાજા છે, તે દુષ્ટે મારી પાસે કામક્રીડાની યાચના કરી, ત્યારે મેં તેનું અપમાન કર્યું, તેથી ચંદ્રની જ્યોત્સ્નાને સૂર્યની જેમ મારા પતિની સમક્ષ આ પ્રતાપવડે ક્રૂર એવા વિદ્યાધરે આજે મારૂં હરણ કર્યું. તે જોઇને તેની પાછળ દોડી આવતા મારા પતિની તેણે આ અવસ્થા કરી. અને હે વીર! તમે પણ તેને તેના દુષ્ટ આચરણનું ફળ દેખાડ્યું." આ પ્રમાણે કહીને પોતાના પતિના પ્રાણને ઇચ્છનારી તે સ્ત્રીએ તત્કાળ તે કુમારને સેંકડો મૂર્છાનો નાશ કરનારી અપૂર્વ ઔષધી બતાવી. એટલે જેમ ચંદ્ર કિરણના સમૂહ વડે રાત્રીવિકાસી કમળોને પ્રફુલ્લિત કરે, તેમ તે કુમારે તેણીના પતિને તે ઔષધીના રસવડે પ્રફુલ્લિત (સજજ) કર્યો. પછી કૃપાના અવતાર રૂપ કુમારે તે ઔષધીના રસવડે ચંદ્રને પણ સજજ કર્યો. 'પ્રહાર કર્યા પછી મહાપુરૂષો કરૂણાવાળાજ હોય છે.'

પછી કુમારે વિવેકરૂપી સમુદ્રના મોતી જેવા વર્ણો (અક્ષરો)થી ગુંથેલી અને હારની જેવી મનોહર વાણીને ચન્દ્રના હૃદયપર નાંખી; અર્થાત્ ચંદ્રને મનોહર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાણીવડે કહ્યું કે —" અહો! પરસ્ત્રીનું હરણ એ કોહેલા અન્નને ખાવાની જેમ શાંતિને આપતું નથી,પુણ્યને હણે છે, અને પાપનું પોષણ કરે છે. પરસ્ત્રીના આલિંગન વડે કરીને જે સુખની આશા રાખવી, તે શીતજળવડે સ્નાન કરીને જ્વરના દાહની શાંતિ કરવા જેવું છે. પરસ્ત્રીઓ રાત્રીઓની જેમ અપકીર્તિ રૂપી અન્ધકારને આપનારી છે,અને તેથી કરીને સન્માર્ગને નહીં જોનારા પુરૂષોને તે નરક રૂપી કુવામાં નાંખે છે. પરસ્ત્રીને વિષે ગમન કરનારા કયા મદાંધ પુરૂષો વારીને[1] વિષે ગમન કરનારા મદોન્મત્ત હાથીઓની જેમ ઘાત,તિરસ્કાર (ખાડામાં પડવું) અને બંધનની પીડાને નથી પામ્યા? તે કારણ માટે ગુણોરૂપી હસ્તીઓને અરણ્યસમાન અને પુણ્યની પુષ્ટિ માટે રસાયન સમાન સ્વદારાસંતોષ વ્રતનું ઉત્તમ પુરૂષોએ નિરંતર સેવન કરવું. હે ચંદ્ર! તું નિર્દંભ બુદ્ધિવાળો થઈને ચંદ્રની જેવા મનોહર યશનું ક્ષાલન કરવામાં મેઘ સમાન, અર્થાત્ યશનો નાશ કરનાર પરનારીના આલિંગન રૂપ કાર્યને છોડી દે અને વિદ્યાધરોને વિષે મુકુટ સમાન હે ચંદ્ર! આ રત્નચૂડની સાથે પાપસમૂહને જન્મ આપનાર એવો મત્સર ( દ્વેષ ) પણ તજી દે. હે રત્નચૂડ! તારે પણ આ વાત ધ્યાનમાં રાખવાની છે,કેમકે પરસ્ત્રી હરણનું અને દ્વેષનું ફળ તમો બન્નેને પ્રત્યક્ષજ મળ્યું છે." આ પ્રમાણે તે કુમારની વાણી સાંભળીને પ્રસન્ન થયેલા તે બન્ને વિદ્યાધરોએ સનત્કુમારના તેજ રૂપી અગ્નિની સાક્ષીએ પરસ્પર મિત્રાઈ ધારણ કરી. પછી ઉપદેશ કરવાથી ગુરૂરૂપ થયેલા તે રાજકુમારને ગુરૂદક્ષિણામાં અદૃશ્ય કરનારી વિદ્યા આપીને તે બન્ને વિદ્યાધરો તે સ્ત્રીને લઇ આકાશમાર્ગે સ્વસ્થાને ગયા.

એકદા સભારૂપી ગૃહના ભૂષણરૂપ સિંહરાજા પાસે આવીને કોઈક દૂતે અત્યંત આતુરતાથી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે—" હે સ્વામી! શત્રુરૂપી હસ્તિઓને હણવામાં કેસરીસિંહ સમાન કાંપીલ્યપુર રૂપી દેવાલયનો દેવ ( સ્વામી ) શુરકેશરી નામનો રાજા આપનાપર ચઢાઈ કરવા આવે છે. જગતનો જય કરવાથી તેના પ્રયાણો વૃદ્ધિ પામેલા છે, અને ઘણા રાજાઓનો ઉચ્છેદ કરવાથી તેનો અહંકાર અતિ વિસ્તાર પામેલો છે." આ પ્રમાણેની દૂતની વાણી સાંભળીને ક્રોધ પામેલા તે [2]દુર્ધર રાજાએ સ્કંધાવારને માટે રથ, હાથી, ગાંધર્વ (ભાટ ચારણ) અને સુભટોના અધ્યક્ષોને તરતજ આજ્ઞા આપી. એટલે તેજ વખતે પ્રયાણના શંખનાદો ગગનતળનું ચુંબન કરવા લાગ્યા, સેનાઓ તૈયાર થવા લાગી અને સુભટો બખ્તર ધારણ કરવા લાગ્યા. તે સમયે રણયાત્રાને જયદાયી માનીને અધિક ઉત્સાહ પામેલો કુમાર

૧ હાથીને બાંધવાની રજ્જુ. ૨ કોઈથી ધારણ કરી શકાય નહીં તેવા અજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભામાં આવીને મસ્તકપર બન્ને હાથ જોડી રાજાને વિજ્ઞપ્તિ કરવા લાગ્યો—"હે પિતા ! તમારે આ કીડા જેવા શત્રુ ઉપર યુદ્ધ કરવાની ઇચ્છા કરવી યોગ્ય નથી. શું ઘાસના એક છોડને ઉખેડવા માટે હાથી પોતાની સૂંઢ કુંડલાકાર કરે છે ? માટે હુંજ આપના પ્રસાદથી તે શત્રુનો જય કરીશ. શું સૂર્યના પ્રભાવથી તેનો સારથિ અરૂણ અંધકારના સમૂહને નથી હણતો ? તેવા તુચ્છ શત્રુ પર પણ જો તમે પોતેજ યુદ્ધ કરવા જશો. તો પછી અબળ શત્રુને બળવાન ગણાવશો. માટે એવા નિર્બળ ઉપર તમારે રોષ કરવોજ યુકત નથી." આ પ્રમાણેના તેના શબ્દો સાંભળીને પુત્રના શૌર્ય અને વિનયથી જેનું શરીર રોમાંચિત થયું છે એવા રાજાએ નીતિ અને પ્રીતિની સખી જેવી વાણીવડે કહ્યું કે—"હે પુત્ર ! ન્યાયથી શોભતા શૂરવીર પુરૂષો લાલન કરેલા પુત્રને લીલા ( ક્રીડા )માં અને ભોગવિલાસમાં આગળ કરે છે, અને સમરાંગણમાં પાછળ રાખે છે. ડાહ્યા પુરૂષો હૃદયને આનંદ આપનાર અને કુળના દીપક સમાન પુત્રને ઘણા વાયુવાળા રણાંગણમાં પ્રગટ કરતા નથી. કુળના અલંકાર માટે ઘણા ભાગ્યથી ઉપાર્જન કરેલા પુત્રરત્નને ખડ્ગરૂપી કલ્લોલો વડે દુર્ગમ એવા યુદ્ધસાગરમાં કોણ નાંખે ? માટે હે પુત્ર ! તે ગર્વિષ્ટ શત્રુને જીતવા માટે હુંજ સમરાંગણમાં જાઉં છું. અને તું આ આપણા નગરની રક્ષા કરવામાં કવચરૂપ થવા યોગ્ય છે." તે સાંભળીને કુમાર કૈરવ[1] જેવા વીરપુરૂષોના મનને આનંદ આપનારી મુખરૂપ ચંદ્રની કૌમુદી[2] જેવી ઉજ્વલ વાણીવડે બોલ્યો—"હે પિતા ! જેઓ પોતાને કવચધારી થયેલા જાણીને આગ્રહથી પિતાના સ્કન્ધ ઉપરથી યુદ્ધની ધુસરી (ભાર) ને ઉતારે તેઓજ સત્પુરૂષો કહેવાય છે. શત્રુઓની સ્ત્રીઓના નિઃશ્વાસે કરીને ઉલટું જેમનું તેજ વૃદ્ધિ પામે છે તેવા પુત્રોનેજ શૂરવીરો કુળદીપક માને છે. પૃથ્વીને વિષે શ્રેષ્ઠ એવા કુમારરૂપી શૂરવીરો ખડ્ગરૂપી પટ્ટના સમુહવાળી યુદ્ધભૂમિપર પોતાના અલંકારોના રત્નોને ઉત્તેજિત કરે છે. માટે હે સ્વામી ! શત્રુઓનું પોષણ (નાશ) કરવા માટે મને આજ્ઞા આપો." આ પ્રમાણે કહીને તે કુમારે પોતાના બંને હાથવડે રાજાના ચરણ પકડ્યા. તે વખતે હર્ષ પામેલા રાજાએ કુમારને ઉભો કરીને તથા તેને આલિંગન દઇને બળવાન શત્રુનું વેર લેવા માટે જવાની રજા આપી.

પછી જેણે અનેક પ્રકારના મંગલિક કર્યાં છે એવો કુમાર મોટા સૈન્ય સમૂહ સહિત ધુળવડે સૂર્યને અદ્રશ્ય કરતો શૂરકેશરી રાજા તરફ ચાલ્યો. પોતાના ભારથી નમી જતી પૃથ્વીને જાણે ઝાલી રાખવા માટેજ હોય તેમ જેના સૂંઢના અગ્રભાગ લંબાયમાન છે એવા બળવાન હાથીઓ ચાલવા લાગ્યા. અશ્વોના ઘાતથી

1 રાત્રિવિકાસી કમળ. 2 ચંદ્રજ્યોત્સ્ના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૃથ્વીમંડળના કકડા ન થઇ જાઓ એમ ધારીને જાણે અધર ઉડતો હોય તેમ અશ્વોનો સમૂહ આકાશમાં ચાલવા લાગ્યો. ધ્વજના મિષથી જાણે રથીઓની[1] મુર્તિમાન કીર્તિને નચાવતા હોય તેમ રથસમૂહ પવનવેગે ચાલવા લાગ્યો. હૃદયવડે જાણે આકાશને કોળીયારૂપ કરતા હોય, દ્રષ્ટિવડે જાણે દિશાઓને પ્રજ્વલિત કરતા હોય, અને ગતિવડે જાણે પૃથ્વીના ગોળાને ફેરવતા હોય, તેમ સુભટો ચાલવા લાગ્યા. આ પ્રમાણે કોઇપણ સ્થાને પડાવ નાંખ્યા વિનાજ કેટલાએક અવિચ્છિન્ન પ્રયાણવડે તે કુમાર બળવાન સેના સહિત શત્રુની નજીક આવી પહોંચ્યો. પછી બન્ને સૈન્યની વચમાં જત આવ કરતા દૂતોએ તેમનો ક્રોધ અને વિરોધ વૃદ્ધિ પમાડયો, તેથી બન્ને સેનાઓ યુદ્ધ કરવા તૈયાર થઇ. અત્યંત ક્રોધથી સાદી[2] સાદીની સાથે, નિષાદી[3] નિષાદીની સાથે, રથી રથીની સાથે અને પત્તિ પત્તિની સાથે યુદ્ધ કરવા સામસામા આવ્યા. અન્યના તેજને નહીં સહન કરનાર તેજસ્વી વીરસમૂહ બાણસમૂહનો મંડપ કરીને સૂર્યના તેજને ખંડિત કરવા લાગ્યો. જયલક્ષ્મીને આલિંગન કરવા માટે મોટા મનોરથવાળા અને હર્ષ પામતા વીરોએ રણાંગણમાં ધૂળમય અંધકાર જોયું. ત્યાર પછી જ્યારે યુદ્ધના તૂર્યનો ધ્વનિ થયો ત્યારે પરાક્રમવડે શોભતા વીરોના હુંકાર સહિત ઉદાર પ્રહારોએ કરીને યુદ્ધનો આરંભ થયો.*

બહુ વખત સુધી યુદ્ધ ચાલતાં સંખ્યાબંધ અશ્વો, હસ્તીઓ, રથો અને પત્તીઓના હણાવાથી સિંહરાજાના પુત્ર સનત્કુમારે પોતાનું સૈન્ય ક્ષીણ થયેલું જોયું, એટલે શત્રુએ જેની સેનાના સમગ્ર જનોને હણ્યા તેમજ ત્રાસ પમાડ્યા છે એવો તે સનત્કુમાર ગંધહસ્તીપર આરૂઢ થઇને ધનુષની પણછને વિસ્તારતો, વેગને લીધે દૂરથીજ શૂરકેશરી રાજાની સેનાનું સ્તંભન કરતો, બાણધારાના સમૂહને વરસાવવા લાગ્યો. તેના બાણોના પડવાથી ભયંકર થયેલી રણભૂમિને વિષે શત્રુનો કોઇ પણ રથી, સુભટ, હસ્તી કે અશ્વ પ્રવેશ કરી શક્યો નહીં. આ પ્રમાણે ઉગ્ર સંગ્રામના ભારથી રાજકુમારના બાણો ક્ષીણ થયા, ત્યારે વીરશત્રુઓ આયુધને ઉંચા કરીને યુદ્ધ કરવા દોડી આવ્યા. તે વખતે પણ જેમ એકલો વિવેક અભ્યંતર શત્રુઓને નિવારે તેમ એકલા કુમારે બાણવૃષ્ટિ મૂકીને ઘણા શત્રુ રાજાઓને નિવાર્યા. ત્યાર પછી જળધારાને વરસાવતા મેઘસમૂહની જેમ ચોતરફ શરસમૂહને વરસાવતા તે શત્રુરાજાઓએ તરતજ રાજકુમારરૂપી સૂર્યને ઘેરી લીધો. તે વખતે જીવિતની આશાનો ત્યાગ કરીને તત્કાળ ખડ્ગને નચાવતો તે કુમાર યુદ્ધ કરવા માટે જેવો હાથીપરથી નીચે ઉતરે છે, તેવામાં જેના હાથમાંથી અ[illegible] શસ્ત્રો પડી ગયાં છે, જેમનાં મુખ લાળના સમૂહથી

---

૧ રથમાં બેસીને યુદ્ધ કરનારા. ૨ ઘોડેસ્વાર. ૩ હાથીસ્વાર. *અહીં મૂળ ચરિત્રમાં યુદ્ધ સંબંધી ઘણો વિસ્તાર છે તે મુકી દીધો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યાપ્ત થયાં છે, અને જેમનાં ચક્ષુ નિદ્રાને લીધે મીંચાઇ ગયા છે, એવા શત્રુઓના સમર્થ સૈનિકો તેના જોવામાં આવ્યા. તે વખતે મૂર્છા પામેલા કર્મોની શ્રેણીની મધ્યમાં રહેલા જ્ઞાનીના આત્માની જેમ સૂતેલા શત્રુઓની મધ્યમાં રહેલો રાજપુત્ર શોભવા લાગ્યો. તે વખતે તેમની નિદ્રાથી વિસ્મય પામેલા કુમારને શૂરકેશરીને બાંધીને લઈ આવેલા ચંદ્ર અને રત્નચૂડ વિદ્યાધરોએ અકસ્માત્ આવીને પ્રણામ કર્યો. તે જોઇને પ્રફુલ્લ દૃષ્ટિવાળા અને રોમાંચિત થયેલા તે પૃથ્વીપતિના પુત્રે આનંદથી તે બન્નેને આલિંગન કરીને પૂછ્યું કે—'આ શું ?' એટલે તરતજ ચંદ્ર નામનો વિદ્યાધરશિરોમણી ઉદય પામતા આનંદરસના કલ્લોલથી નિર્મળ થયેલી વાણીવડે બોલ્યો—"હે કુમાર ! સર્વે વિદ્યાધર રાજાઓ જે વખતે મૃત્યુવશ થતા હતા તે વખતે તમારી આજ્ઞાનું પાલન કરવાથીજ જીવતા રહેલા અમે બન્ને પુનર્જન્મને (નવો અવતાર) પામ્યા છીયે. તે સંબંધી હકીકત આપ વિસ્તારથી સાંભળો.

અપૂર્ણ.

# गतवर्षना मुखपृष्ठपरना श्लोकनुं सविस्तर विवेचन.

( લેખક રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની. બી. એ. એલએલ. બી. )

कर्तव्यं जिनवंदनं विधिपरैर्हर्षोल्लसन्मानसैः ।
सच्चारित्रविभूषिताः प्रतिदिनं सेव्याः सदा साधवः ॥
श्रोतव्यं च दिने दिने जिनवचो मिथ्यात्वनिर्नाशनं ।
दानादौ व्रतपालने च सततं कार्या रतिः श्रावकैः ॥ १ ॥

"વિધિને વિષે તત્પર અને હર્ષથી ઉલ્લસિત મનવાળા શ્રાવકોએ પ્રતિદિન શ્રી જિનેશ્વરને વંદન કરવું, સત્ચારિત્રવડે સુશોભિત એવા મુનિરાજોની સદા સેવા કરવી, મિથ્યાત્વનો નાશ કરનાર જિનવચન પ્રતિદિન સાંભળવું અને દાનાદિક (દાન શીલ, તપ, અને ભાવના)ને વિષે તથા અહિંસાદિક વ્રત પાળવામાં નિરંતર આસક્તિ રાખવી"

સુક્તમુક્તાવલિ.

**શ્લોક તથા અર્થ.**

પરમ માન્ય સુકતમુકતાવલિકાર ધર્મબિંદુ, શ્રાદ્ધવિધિ, શ્રાવકદિનકૃત્ય, આચારદિનકર, આચારપ્રદીપ વગેરે ગ્રંથોમાં ગૃહસ્થધર્મનું જે વિસ્તારથી વિવેચન કરવામાં આવેલ છે તેને અસાધારણ પ્રવીણતાથી એક શ્લોકમાં સંક્રમાવી ઉત્તરોત્તર મોક્ષ પ્રાપ્તિના સાધન તરીકે ગૃહસ્થ ધર્મને ઉપદીશે છે. श्लोकार्धेन प्रवक्ष्यामि, यदुक्तं ग्रंथकोटिभिः કરોડો ગ્રંથોમાં જે કહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ ધરાવવો, આત્મોન્નતિ કેમ થાય તેનો વિચાર કરવો, ગુરૂમહારાજ પાસેથી સાંભળેલી દેશનાનું મનન કરવું. આ બધા મનની શુદ્ધિના ઉપાયો છે, તેના ચિન્હો છે અને તેજ કરવા યોગ્ય છે.

વચન દ્વારા કોઇની ઉપર આક્રોશ કરવો, કોઇને અપશબ્દો કહેવા, અસત્ય ભાષણ કરવું, કોઇનું અહિત થાય તેવું બોલવું, કોઇને કલંક દેવું, કોઇની ચાડી ખાવી, કોઈની સાચી કે ખોટી નિંદા કરવી, કષાયોત્પાદક ભાષા વાપરવી, કોઈના મર્મમાં ઘાત થાય એવી વાકય રચના વાપરવી ઈત્યાદિ અનેક પ્રકારે વચન યોગ અશુદ્ધ થાય છે, મલિન થાય છે. તેની શુદ્ધિને માટે અલ્પભાષી થવું, મિતભાષી થવું, સત્યવકતા થવું, કોઇને પણ આનંદ થાય તેવુંજ બોલવું, કોઇને કલંક ન દેવું, કોઇની ચાડી ન ખાવી, પાપીની પણ નિંદા ન કરવી, જ્યાં હોય ત્યાંથી કલેશ નાશ પામે એવીજ વાકયરચના વાપરવી, સર્વ જીવોને શાંતિ કરે તેવી ભાષા બોલવી, દેવગુરૂની પ્રશંસા કરવી ઇત્યાદિ અનેક પ્રકારે વચન શુદ્ધિ થઇ શકે છે. માટે ઉત્તમ ગૃહસ્થે તે પ્રકારનો વચનશુદ્ધિમાટે પ્રયત્ન કરવો.

અપૂર્ણ.

# ब्रह्मचर्य प्रकाश

( લેખક–ખીમચંદ ભુધરદાસ. જૈનશાળા પરીક્ષક. )

કોઈ પણ કોમ, જ્ઞાતિ કે પ્રજાનો ઉદય કરવો હોય તો, તેને માટે માર્ગ અનેક છે, પણ ખરો ઉદયનો માર્ગ તેજ કહી શકાય કે જે આપણી અવનતિના મૂળ કારણો શોધી, તેનો નાશ કરવા ભણી લક્ષ રહે. સાંપ્રત કાળમાં જૈન પ્રજામાં– **બાળ લગ્ન** રૂપી ચેપી રોગ લાગુ પડ્યા છે. એ ભયંકર રોગથી જૈન કોમરૂપી સુંદર દેહ ક્ષીણ થતો જાય છે. નબળા બાંધાના, વીર્ય વિનાના અને શિથિલ ગાત્રવાળા શ્રાવક સંતાનો એજ કારણથી થવા પામેલ છે. જ્યાં સુધી એ રોગને દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી આપણો ઉદય સેંકડો ગાઉ દૂર સમજવો. બાળલગ્નરૂપી ભયંકર રાક્ષસના પંજામાં સપડાયેલા બાળકો ખરેખર મનોબળ વગરના અને નિરૂત્સાહી થાય છે. અનંત હૃદયબળ અને ઉત્તમ ભાવનાઓ આ એવો રોગથી નષ્ટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર જીત મેળવનાર મહાત્માનેજ પરમાત્મસ્વરૂપ ગણી તેમની ભક્તિમાંજ પ્રતિદિન હર્ષથી ઉલ્લસિત મનવાળા થઇ નિરંતર તત્પર રહેવાનું કહેવામાં આવે છે.

શાસ્ત્રકારો ઉપદેશે છે કે આ ચર્મચક્ષુથી પરમાત્માની મૂર્તિને નિહાળવાથી-વંદન કરવાથી-પૂજન કરવાથી તથા તેમના ગુણોની સ્તુતિ કરવાથી થતા લાભો-અગર તો હૃદય ચક્ષુ સન્મુખ પરમાત્માની મૂર્તિ ખડી કરી તેનું ધ્યાન ધરવાથી થતા લાભોની વાત તો દૂર રહી પરંતુ માત્ર તેના નામ સ્મરણથીજ અનેક જન્મના પાપો નાશ પામે છે અને કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે.

આ અસાર સંસારમાં ભવ્ય જીવોને પરમાત્માનું આલંબનજ પરમ લાભદાયક થઇ પડે છે. પ્રબળ સૈન્ય યુક્ત મોહરાજાથી ત્રાસ પામેલા જીવોને પરમાત્માનું શરણુજ ફળદાયી નિવડે છે. ભવાભિનંદી જીવોજ પરમાત્માથી વિમુખ રહેવાનું પસંદ કરે છે. જન્મ-જરા-મરણના દુઃખોથી ભય પામેલા જીવો તો પરમાત્માંના ધ્યાનમાંજ બની શકે તેટલો પોતાનો વખત ગાળે છે.

મોટા રાજ્યમહેલના એક ભાગમાં નિર્વિકારી ચિત્તથી સ્થિત થઇને અગર તો જંગલમાંની ઝુંપડીના ખુણામાં રહીને, પર્વતની ટોચ ઉપર જઇને અગર તેની તળેટીની ગુહામાં રહીને પરમાત્માનું ધ્યાન ધરનાર સર્વ કોઇને તે ધ્યાન ભવગ્રન્થિ છેદવામાં મદદગાર થઇ પડે છે.

આ દુષમ અવસર્પિણી કાળમાં તો બાળ જીવોને જિનવંદન, પૂજન-સ્તવન વગેરેજ મુખ્ય આધારભૂત છે. એક અપેક્ષાએ જિનેંદ્ર પૂજાને એટલી બધી અગત્યતા આપવામાં આવેલી છે, તેનું માહાત્મ્ય એટલું બધું ગંભીર રીતે ગવાયેલું છે કે શ્રીમાન્ દેવચંદ્રજીના શબ્દોમાં બોલીએ તો 'જિનવર પૂજારે તે નિજ પૂજનારે' એમ કહેલું છે. આ વાકયનું રહસ્ય-ખરી ખુબી કોઇ વિદ્વાનજ સમજાવી શકે તેમ છે. પરંતુ સામાન્ય રીતે કહેતાં જિનેંદ્ર પૂજા એ સ્વકીય પરમ લાભ રૂપે પરિણમતાં પોતાનીજ પૂજા વિસ્તારે છે. વળી મૂળ સત્તાએ આપણો પોતાનો આત્મા સ્વકીય ગુણે કરી કિંચિત્ પણ જિનેંદ્રના આત્માથી ન્યૂન નથી. ફરક માત્ર એટલોજ છે કે આપણા આત્માની અનંત શકિતઓ રાખ નીચે દબાઈ રહેલ અંગારાની માફક અનેક કર્મ દલોથી અવરાએલી છે-ઢંકાયેલી છેઅને જિનેંદ્રની મહા કલ્યાણકારી પૂજાથી આપણા આત્માની પ્રત્યેક શકિતઓ પ્રગટ થતી જતી હોવાથી તે પૂજા આપણા આત્માનીજ-આપણી પોતાનીજ કહી શકાય. શ્રી જિનેશ્વર ભગવાનના ગુણગાનથી આપણા પોતાના આત્મિક ગુણો પ્રગટ થતા હોવાથી જિનેશ્વરની પૂજાને આપણી પૂજા કહેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. ઇયળ ભમરીના દૃષ્ટાંત અનુસાર આપણે જિનેંદ્રના ધ્યાનથી જિનેશ્વર તુલ્ય-જિનેશ્વરજ થઇ શકીએ છીએ.

વળી આપણા તરફથી કરવામાં આવતી પૂજાની વીતરાગ દેવને બીલકુલ અપેક્ષા નથી, તેથી તેમનું કિંચિત્ પણ હિત થવાનું નથી, કારણકે તેમનું કંઇ હિત થવું બાકીજ રહ્યું નથી. પૂજા કરનાર અગર તો ઉપસર્ગ કરનાર બંને તરફ વીતરાગ દેવની તો સમાન ચિત્તસ્થિતિજ રહે છે. મહા ક્લેશકારી—પીડાકારક ઉપસર્ગ કરનાર કમઠયોગી ઉપર તેમજ છત્ર ધારણ કરી તે ઉપસર્ગમાંથી રક્ષણ કરનાર ધરણેંદ્ર દેવ ઉપર—પોત પોતાને ઉચિત કાર્ય કરનાર બંને ઉપર શ્રી પાર્શ્વનાથ સ્વામિની સરખીજ મનોવૃત્તિ હતી.

આ જોતાં જિનવંદન કેવળ આપણીજ આત્મિક ઉન્નતિ કરવામાં પરમ ઉપકારક છે. પરમાત્માના અનંત ગુણોની સ્તુતિ કરવાથી આપણામાં તેવા ગુણો પ્રગટ થાય છે. ગુણની ખાતરજ સ્તવના કરવાથી ગુણની તદ્વિષયક ઉહાપોહથી તે ગુણ તરફ અત્યંત રાગ થાય છે, તેમ થતાં તે ગુણો પોતાનામાં છે કે નહિ ? છે તો કેવી દશામાં છે? કઇ રીતે તે ગુણ પ્રકટ થઇ શકે? એ રીતે વિચારશ્રેણી જામતાં ઉચ્ચ દશાએ પહોંચતાં તે તે ગુણો અવશ્ય પ્રગટ થાય છે. તેવી રીતે ગુણો પ્રકટ કરેલ અનેક મહાત્માના ચરિત્રો આપણા શ્રુતિ—પથમાં અનેકવાર આવ્યા છે. ગુણની યથાર્થ કિંમત (appreciation) કરવી—તે તરફ વલણ થવું તેજ એક મહા ભાગ્યની નિશાની છે. ગુણધારી પુરૂષોના ગુણગાનથીજ ગુણનું ખરૂં સ્વરૂપ સમજાય છે. ગુણની ખોજબુદ્ધિ ઉદ્ભવતાં—ગુણ તરફનો પ્રેમ દૃઢીભૂત થતાં તે ગુણનું ભાજન અવશ્ય થઇ શકાય છે.

'જિનવંદન' ઐહિક તેમજ આમુષ્મિક સર્વ પ્રકારના લાભોને જન્મ આપે છે. મહાન્ શાસ્ત્રોની વાત તો દૂર રહી પરંતુ આધુનિક કાળમાં પ્રચલિત ભક્તામર, કલ્યાણમંદિર પ્રમુખ અનેક સ્તોત્રો પણ આ વિષયમાં અસ્ખલિત સાક્ષી પૂરે છે. આ પ્રસંગે મૂર્તિપૂજા વિરૂદ્ધ આક્ષેપ કરનારાઓને એટલુંજ કહેવું પૂરતું થઇ પડશે કે પાષાણની અગર ધાતુની મૂર્તિની પૂજા કરનારાઓ મૂર્તિને પાષાણ અગર ધાતુજ માનીને પૂજા કરતા નથી પરંતુ પરમ શાંતરસ પોષક આહ્લાદકારી મૂર્તિને—અરિહંત પરમાત્મા ભવ્ય જનોના ઉપકારને અર્થે સર્વ જગ્યાએ ઉપદેશ આપતા વિચરતા હતા તે વખતની સાકાર સ્થિતિ કલ્પીને, યોગ્ય ક્રિયાથી પવિત્ર કરી મૂર્તિ જક જૈન ભાઇઓ પાષાણની નહિં પરંતુ વીતરાગ અરિહંત પરમાત્માનીજ પૂજા—સ્તુતિ—ધ્યાન વગેરેમાં નિમગ્ન થઇ મોક્ષસુખની વાનકીનો આસ્વાદ લે છે. મૂર્તિ. જાને ધિક્કારનારાઓ મોટા મોટા પુરૂષોની યાદગિરી નિમિત્તે તેમના તરફની પોતાની પ્રેમની લાગણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાંઠાચાકા, આઇલ પેન્ટીંગો-ક્રીશ્ચીયનોનો વગેરે તૈયાર કરાવે છે તે શું સૂચવે છે ? એક દમડીની કિંમતનો કાગળનો કકડો-કરન્સી નોટ-હજારો બલ્કે લાખો રૂપિયાની કિંમતનો અંકાઇ લોકો સર્વત્ર તે કબુલ રાખે છે તેનું શું કારણ ? અમુક વસ્તુમાં કલ્પેલી વસ્તુનો અધ્યારોપ તે વસ્તુને કલ્પિત વસ્તુ રૂપજ બનાવી મુકે છે; તે હકીકત સર્વ કોઇ જાણે છે. મૂર્તિપૂજા વિષયક સવિસ્તર વિવેચન અત્ર અસ્થાનેજ ગણાશે, તે બાબતમાં એક સ્વતંત્ર લેખ લખાવાની જરૂર છે.

જિનેંદ્રપૂજાના જુદી જુદી અપેક્ષાએ અનેક ભેદ પાડવામાં આવેલા છે. મુખ્યતાએ દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ બે ભેદ પાડેલા છે. શ્રીમાન્ હરિભદ્રસૂરી મહારાજ સ્વરચિત અષ્ટકજીમાં પ્રરૂપે છે કે अधिकारी वशात् शास्त्रे, धर्मसाधन संस्थितिः। व्याधिः प्रतिक्रियातुल्या, विज्ञेया गुणदोषयोः ॥ ધર્મસાધનની રીતિ અધિકારી પરત્વે જુદી જુદી જણાવેલી છે. ગૃહસ્થને દ્રવ્ય અને ભાવ બંને પૂજા માટે અધિકારી ગણેલ છે, ત્યારે સાધુને માત્ર ભાવપૂજા માટેજ અધિકારી જણાવેલ છે. સાધુને દ્રવ્યપૂજાની અપેક્ષા રહેતી નથી. ઉચ્ચ સ્થિતિએ પહોંચેલ પ્રાણીને સામાન્ય લાભદાયક વસ્તુ કંઇ કામની નથી. સાતમા ધોરણનો અભ્યાસ કરનારને પહેલાથી છઠ્ઠા ધોરણ-સુધીનો અભ્યાસક્રમ બીન જરૂરી છે, તેવીજ રીતે સાધુવર્ગમાં પ્રવેશ કરેલ પ્રાણીને માત્ર ગ્રહસ્થોચિત ધર્મકાર્ય બીન જરૂરી છે. દ્રવ્યપૂજા જ્યારે સામાન્ય રીતે સ્વર્ગપર્યંતનું ફળ આપનારી છે ત્યારે ભાવપૂજા મોક્ષપર્યંતનું ફળ દેનારી છે. મલિનારંભી ગ્રહસ્થોને માટે દ્રવ્યપૂજા એટલાજ હેતુથી આવશ્યક ગણવામાં આવી છે કે તે ભાવપૂજાની હેતુ-નિમિત્તરૂપ છે. પ્રધાનતાએ મુખ્યતા તો ભાવપૂજાનીજ ગણવાની છે. સાધુઓ હમેશાં ભાવપૂજાના પ્રદેશમાંજ વિચરતા હોવાથી-ભાવપૂજારૂપ કાર્ય સાધ્ય કરેલ હોવાથી, દ્રવ્યપૂજારૂપ કારણની તેમને ભાવપૂજારૂપ કાર્યનિષ્પત્તિ માટે આવશ્યક્તા રહેતી નથી. આ જોતાં ગ્રહસ્થોને જે દ્રવ્યપૂજા ભાવપૂજામાં પ્રવેશ પમાડતી નથી તે દ્રવ્યપૂજા પૂરતી ફળદાયી થતી નથી. ઉત્તમ ઉત્તમ દ્રવ્યો મેળવીને પૂજા કરનારા ભાવિકજનો જ્યાંસુધી સ્થિર ચિત્તથી ભાવપૂજામાં તલ્લીનતા પામી શકતા નથી ત્યાંસુધી એકડાજ ઘુંટયા કરે છે. બાળ અભ્યાસીઓને પ્રથમ એકડાજ ઘુંટવાની જરૂર છે ખરી, પરંતુ ક્રમે કરીને સાથે સાથે આગળ વધવાની જરૂર પણ સર્વ કોઇ સ્વિકારશે. આવી રીતના સંજોગો વચ્ચે દ્રવ્યપૂજાથી પણ કેવળ વિમુખ રહેનારાઓની સ્થિતિ તો તદન દયા ખાવા જેવીજ છે.

આ દુષમકાળમાં પ્રાણીઓની આયુષ્ય સ્થિતિ પ્રથમના સમયના મનુષ્યોની સાથે સરખાવતાં ઘણીજ અલ્પકાલીન છે, અને એકડા ઘુંટવાનો કાળ-દ્રવ્યપૂજામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પસાર કરવાનો કાળ ઘણો લાંબો થતો જાય છે, તેવા સમયમાં દ્રવ્યપૂજા તરફ ઉપેક્ષા કરનારા માણસો જીંદગીનો ઘણોખરો વખત નિરર્થક ગુમાવી છેક છેલ્લી ઘડીએ જાગૃત થાય અને એકડા ઘુંટવાનું શરૂ કરે તો પછી આગળ વધવાનો પ્રસંગ ક્યારે આવશે તે ખાસ વિચારવા જેવું છે. આ અપેક્ષાએજ દ્રવ્યપૂજાનો પણ સતત્ અભ્યાસ રાખવાની જરૂર છે. આ ભવમાં નહિં તો આગામી ભવમાં પણ આ વિષયમાં અધુના દૃઢ સંસ્કાર જામ્યા હશે તો આત્મિક ઉન્નતિ અવશ્ય થવાનીજ. નાનપણથીજ માબાપો બાળકોને, જે કરતાં શીખવાની ( હાથ જોડી નમસ્કાર કરવાની ) જે કરવા જવાની-દેરાસરમાં દર્શન કરવા જવાની ટેવ પાડે છે એ પ્રથા આ ગણતરીએજ ખાસ પસંદ કરવા યોગ્ય છે. આ પ્રકારની ટેવ-અભ્યાસ કેટલેક અંશે બાળકોની ભવિષ્યની જીંદગી ધર્મપરાયણ બનાવવામાં ઘણોજ સારો ભાગ ભજવે છે. ધર્મિષ્ટ મનુષ્યોએ સાધ્ય દૃષ્ટિ ભાવપૂજા તરફ રાખવાની છે અને તેમાં પણ છેવટે ભાવપૂજાને મોક્ષપ્રાપ્તિનું સાધન બનાવી મોક્ષદશા સાધવાની છે, એ ધ્યાનમાં રાખી શિવસુખનેજ છેવટનું સાધ્ય ગણવાનું છે.

અષ્ટપ્રકારી પૂજા—સત્તરભેદી પૂજા એ રીતે પણ આઠ-સત્તર એમ પૂજાના ભેદ પાડવામાં આવેલા છે. આ પ્રકારની પૂજાથી આત્મા વિશુદ્ધ દશા પામી ભાવપૂજામાં વિશેષ દૃઢીભૂત થતો જાય છે. આવા હેતુથીજ શ્રીમાન્ યશોવિજયજી એક પ્રસંગે કહે છે કે, "અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું." પૂજાથી-ભક્તિથીજ શ્રી જિનેશ્વરદેવની આરાધના થઇ શકે છે, પરંતુ તે ભક્તિ શુષ્ક ચિત્તની હોવી જોઇએ નહિં. સહૃદય ભક્તિનેજ ખરી ભક્તિ કહી છે. જિનેશ્વર ભગવાનનું હૃદયમાં ધ્યાન કરી તેમની આજ્ઞાનુસાર વર્તન રાખવાનો દૃઢ નિશ્ચય કર્યાથીજ ખરી ભકિત—ખરૂં આરાધન કર્યું કહી શકાય. અને તે આરાધન વહેલે મોડે ફળ દેવાવાળું થાય છે, તેટલા માટેજ શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે—

यस्य चाराधनोपायः, सदाज्ञाभ्यास एवहि। यथा शक्तिविधानेन, नियमात् स फलप्रदः॥

જેની (જિનેશ્વર દેવની) આરાધનાનો ઉપાય સદા તેમની આજ્ઞાનો અભ્યાસ કરવો તેજ છે. શકિત અનુસાર આરાધન કર્યાથી તે નિશ્ચય થકી ફળ દેવાવાળું થાય છે. આ પ્રકારની ભકિતથીજ ઉલ્લાસમાં આવી શ્રી મોહનવિજયજી શ્રીમાન્ અજિતનાથ સ્વામિના સ્તવનમાં કહેછે કે "કરૂણાધિક કીધી રે સેવક ઉપરે, ભવભય ભાવઠ ભાંગી ભકિત પ્રસન્ન જો; મન વંછિત ફળીયારે જિન આલંબને, કરજોડીને મોહન કહે મનરંગજો, પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું." શાસ્ત્રકારો શ્રી જિનેશ્વર ભગવાનની ભકિતને પારસમણિ, કલ્પવૃક્ષ અગર ચિંતામણિ રત્ન કરતાં પણ વધારે મૂલ્યવાન ગણે છે. પરમ આનંદદાયી ભકિતથીજ સંસાર સાગર તરી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુકતમુકતાવળીકાર માત્ર 'જિન વંદન કરવું ' એટલુંજ કહી સંતોષ પકડતા નથી. તેઓ ફરમાવે છે કે જિન વંદન, વિધિને વિષે તત્પર અને ઉલ્લસિત મનવાળા થઈને કરવું જોઈએ. સામાન્યમાં સામાન્ય ક્રિયાથી માંડીને મોક્ષ સુખ આપનારી ક્રિયા પર્યંત દરેક ક્રિયા વિધિસર કરવામાં આવે તોજ તે યોગ્ય ફળ દેનારી થાય છે. રોગ નિવારણ નિમિત્તે અગર શરીરની પુષ્ટિ માટે રસાયણ ખાનારાઓ તરફથી યોગ્ય વિધિથી તૈયાર નહિ કરવામાં આવેલી એવી ધાતુની ખાખ—ભસ્મ—પારા વગેરેનો ઉપયોગ કરવામાં આવતાં તે ઉલટું તેમના શરીરમાં અનેક નવીન રોગોને જન્મ આપે છે, તેવીજ રીતે શાસ્ત્રપ્રણિત વિધિ અનુસાર નહિ થયેલી ધાર્મિક ક્રિયા પુણ્યને બદલે કવચિત્ પાપ હેતુ પણ થઇ પડે છે. સાંસારિક તેમજ ધાર્મિક દરેક કાર્ય વિધિસર થયેલ હોય તો તે અવશ્ય નિર્ણિત ફળ આપનાર નિવડે છે. શ્રી જિનેશ્વર દેવનું વંદન કરવા જનારાઓએ જિનભુવનને વિશે ચોરાશી આશાતના તજવી જોઇએ. અન્ય સર્વ સાંસારિક ક્રિયાઓ ત્રણવાર નિસિહી નિસિહી કહી નિષેધવી જોઇએ. મન, વચન અને કાયાને સાંસારિક પ્રવૃત્તિમાંથી ફારેગ કરી જિનવંદન, જિનસ્તવન અને જિનધ્યાન રૂપ ધાર્મિક ક્રિયામાંજ યોજેલા રાખવા જોઇએ. કોઇપણ પ્રકારના પાપબંધન થાય તેવા કાર્યથી વિમુખ રહેવું જોઇએ. કહ્યું છે કે—

अन्यद्वारे कृतं पापं, देवद्वारे विनश्यति ।
देवद्वारे कृतं पापं, वज्र लेपं भविष्यति ॥

અન્ય સ્થળે કરેલ પાપનો નાશ દેવમંદિરમાં જવાથી થશે પરંતુ દેવમંદિરમાં બાંધેલું પાપ તો વજ્ર લેપ રૂપજ થશે. અનંત ભવભ્રમણ કરતાં પણ જિનમંદિરમાં બાંધેલ પાપકર્મનો ક્ષય થઇ શકશે નહિ. આખો દિવસ આરંભ સમારંભના કાર્યમાં પ્રવૃત્ત રહી માત્ર થોડો વખત જિનવંદન માટે ફાજલ પાડી શકીએ અને તેટલા વખત દરમ્યાન પણ પાપકર્મ બાંધવા લલચાઈએ તો તે જીવનું ભારેકર્મીપણુંજ સમજવું. ધર્મના સ્થાનમાં, જિનમંદિરમાં દર્શન નિમિત્તે સુશોભિત વસ્ત્રાલંકારો પહેરીને આવેલી લાવણ્યવતી લલનાઓ ઉપર દ્રષ્ટિ માત્ર પણ કરવામાં આવે તો તે કેટલું બધું હીનસત્વપણું સૂચવે છે ? તેનો ખ્યાલ આવવો મુશ્કેલ નથી. ચિત્તની દરેક પ્રકારની આકુળવ્યાકુળતાનો દેવમંદિરમાં સર્વથા ત્યાગ કરવો જોઇએ.

મલીન અગર ફાટેલાં વસ્રો પહેરીને, કોઇ સદ્‌ગૃહસ્થ પાસે અગર રાજ્યદરબારમાં કે કચેરીમાં જતાં શરમાઈએ તેવાં વસ્રો પહેરીને નહિં જતાં પોતાની સ્થિતિ અનુસાર યોગ્ય પોશાક પહેરીને જિનમંદિરમાં જવું જોઇએ. દેવાધિદેવના દર્શન નિમિત્તે ફાટેલું ટુંકું પંચીયું પહેરીને ઉઘાડે શરીરે જિનમંદીરમાં જનારની વિવેકશૂન્યતા ઉપર વધારે વિવેચનની જરૂર નથી. પંડીત વિરવિજયજી સાતમ ભતની પૂજામાં મલીન વેષના ત્યાગની સાથે અતિ ઉદ્‌ભટ વેષનો ત્યાગ કરવાનો પણ આગ્રહ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શન કરવા જવું તે એક પ્રકારની વેઠ ઉતારવા જઇએ છીએ એમ સ્વપ્નમાં પણ ખ્યાલ આવવો જોઇએ નહિં. અશુભ કર્મના બંધની માફક પુણ્યકર્મનો બંધ પણ મનના ઉત્સાહના પ્રમાણમાં તરતમતાએ વધારે ઓછો મજબુત પડે છે. દરેક ક્રિયામાં ભાવનીજ પ્રધાનતા છે. ભાવશૂન્ય ક્રિયા કિંચિત્ પણ ફળ દેવાવાળી થતી નથી.

અપૂર્ણ.

## टुंको उपदेश.

### તેં તારે માટે શું કર્યું?

દુનિયાના લોકો કહે છે કે—"આ દુનિયામાં પરોપકારી પ્રાણી બહુ વિરલ હોય છે, ઘણા જીવો તો સ્વાર્થીજ દેખાય છે." આ વાકયનો વિચાર કરતાં મને તો એમ સિદ્ધ થયું છે કે "ઘણા પરોપકારી છે, સ્વાર્થી બહુ અલ્પ છે." હવે આ મતભેદનું નિવારણ થઇ કેમ શકે ? કારણકે બંને વાત ઉત્તરધ્રુવ ને દક્ષિણધ્રુવ જેવી એક બીજાની સામે પડતી છે. પરંતુ હું માનું છું કે મારી દલીલ સાંભળ્યા પછી તમે ( વાંચનારા બંધુઓ ) મારા મતનેજ મળતા થશો. સાંભળો ! આ જગત્ ખરો પ-પકારી તેને કહે છે કે જે પોતાનો—પોતાના કાર્યનો વિનાશ કરીને, નુકશાન ખમીને પણ પારકું કાર્ય કરી આપે, પરનું હિત કરે અને પરને સુખશાંતિ પમાડે. હવે જુઓ ! આ જગતના મનુષ્યો રાત્રિ દિવસ જે ધંધામાં, નોકરીમાં અથવા મજુરીમાં મચ્યા રહે છે તેમાં પોતાનો સ્વાર્થ માત્ર પોતાને ખોરાકી પોશાકી માટે જે દ્રવ્ય જોઇએ તે મેળવવા કરતાં વધારે નથી. એટલે બીજી હકીકતના પ્રમાણમાં બહુજ જુજ છે.તેમાંના બહોળે ભાગે પુત્ર પુત્રી વિગેરે પર ઉપકાર કરનારા છે.કેટલાક સ્ત્રી ઉપર ઉપકાર કરનારા છે, કેટલાક કુટુંબ પરિવાર ઉપર ઉપકાર કરનારા છે અને કેટલાક તો કોના પર ઉપકાર કરૂં છું ? આ બધું કોને માટે છે ? તેનો પણ વિચાર કર્યા શિવાય મચ્યાજ રહેનારા છે. તમે પૂછશો કે તેઓ ઉપકારી કેમ ? તેનો ઉત્તર સ્પષ્ટ છે કે—અહર્નિશના પ્રયાસથી ઉત્પન્ન કરેલ દ્રવ્ય જેને સંતતિ હોય છે તે તેને માટે મૂકી જાય છે, જેને સંતતિ નથી હોતી તે સ્ત્રીને માટે મૂકી જાય છે, સંતતિ કે સ્ત્રી બંને નથી હોતું તે પોતાના બીજા વારસ થવા ઇચ્છનારાઓ માટે મૂકી જાયછે, અને તેવું કાંઇ નથી હોતું તેઓ પણ આંખ ઉઘાડ્યા શિવાય આ બધું કોના માટે કરૂં છું તેનો વિચાર કર્યા શિવાય જીવે ત્યાં સુધી ધંધા વગેરેમાં મચ્યા રહીને પછી જેમનું તેમ મૂકી ચાલ્યા જાય છે.લોકો જેને પરોપકારી કહે છે તેના કરતાં પણ આ પરોપકારી વિશેષ એટલા માટે છે કે લોકોમાં કહેવાતા પરોપકારી પોતાનું કાર્ય પડતું મૂકે છે ને બીજાનું કરી આપે છે; પણ આ પરોપકારી તો પોતાનું કાર્ય—મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નુષ્યભવ પામીને જે પોતાના આત્માનું હિત સાધવાની આવશ્યકતા હતી તે કાર્ય પડતું મૂકે છે, બીજાઓને માટેજ થાકયા શિવાય રાત્રિદિવસ પ્રયાસ કરે છે, પ્રયાસ કરીને મેળવેલ દ્રવ્યાદિ સાથે લઈ જવાની ઇચ્છા પણ કરતા નથી. એટલુંજ નહીં પણ અનેક પ્રકારના ધંધા રોજગાર વિગેરેમાં દ્રવ્ય મેળવવા માટે કરેલા પાપનો જથ્થો અહીં ન મૂકી જતાં પોતાની સાથેજ લઈ જાય છે અને તેના દુઃખમય વિપાક આગામી ભવમાં પોતે ભોગવે છે. હવે કહો કે દુનિયા કહે છે તે પરોપકારી વધારે કે હું કહું છું તે પરોપકારી વધારે ? તમારે મારા મતને મળી જઈને કહેવુંજ પડશે કે "હું કહું છું તે ખરા પરોપકારી, આત્માનો વિનાશ કરનારા અને પારાવાર નુકશાનીના સહન કરનારા છે."

આટલા ટુંક લેખ ઉપરથી વાંચક વર્ગે એ સારગ્રહણ કરવાનો છે કે—ધંધા નોકરી વિગેરેમાં અહર્નિશ મચ્યા રહેતાં વિચાર કરવો કે, હું આ બધું કોને માટે કરૂં છું ? પોતાને કે પોતાના આશ્રિત સ્ત્રી પુત્ર પરિવારાદિકને ખોરાકી પોશાકી માટે જોઈએ તેટલું તો ગૃહસ્થને મેળવવું પડે પણ તેટલું મળતું હોય છતાં અથવા તેટલું સ્થિતિમાં હોય છતાં વધારે મેળવવા માટે મચ્યા રહેવું અને તેમાં પણ અનેક પાપ સ્થાનકો સેવવાં, કર્માદાનાદિનાં વ્યાપારો કરવા, જીંદગીને પણ જોખમમાં મૂકવી, આબરૂ ઈજતની પણ દરકાર ન કરવી અને આ ભવનું હિત બગાડી આગામી ભવમાં પણ દુઃખના ભાજન થવું એ કોઈપણ પ્રકારે ઉચિત નથી, ત્યાજ્ય છે, અને સુજ્ઞોને અકર્તવ્ય છે. આયુષ્ય કયારે પુરૂં થઇ જશે ને કયારે ચાલ્યા જવું પડશે તેનો વિચાર પણ ન કરવો તે સુજ્ઞનું કામ હોયજ નહીં. માટે આયુષ્યની ચપળતાનો ખ્યાલ ક્ષણે ક્ષણે બરાબર લક્ષમાં રાખી પ્રથમ આત્મહિત કરવું અને પછી આત્મહિતમાં ખામી ન આવે તે પ્રકારે બીજા કાર્ય માત્ર કરવાં—નુકશાની બીલકુલ ન ખમવી. કારણ કે, વિદ્વાનો એમજ કહે છે કે—" कार्यभ्रंशो हि मूर्खता પોતાના કાર્યનો વિનાશ કરવો તેજ ખરેખરી મૂર્ખતા છે." આવા મૂર્ખોની પંક્તિમાં બેસવા વખત ન આવે તે બરોબર ધ્યાનમાં રાખવું. સુજ્ઞ વાંચક બંધુઓને વધારે જણાવવાની જરૂર નથી. આટલું ધ્યાનમાં રાખશે તો ઘણું છે. આટલું ધ્યાનમાં રાખવાથી તેં તારે માટે શું કર્યું ? તે વિચારી શકાશે. આખી જીંદગીના કૃત્યોનો હિસાબ મૂકશે તો પોતાને માટે કરેલા કાર્યનો જમે બાજુનો સરવાળો શૂન્ય આવશે કે બહુ નાની સંખ્યામાં આવશે અને ઉધાર બાજુનો સરવાળો મોટો પડશે. પણ આ બાબર જે વ્યાપારી (મનુષ્ય) જીંદગીનું સરવૈયું મૂકશે તેને પડશે, માટે જરા જાગૃત થઇ હિસાબ મૂકી સરવૈયામાં બાંધો કે જેથી હવે પાછળની જીંદગીમાં કાંઇક આત્મહિત કરવા તરફ ... લક્ષ દોરાય. આ ટુંક લેખ એટલી હકીકત લક્ષમાં લાવવા માટેજ લખવામાં આવ્યો છે. આશા છે કે તે પ્રયાસ ફળિભુત થશે. તથાસ્તુ.

For Private And Personal Use Only